પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૦૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૧-૧૨-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦




# જે રીતે કેટલાક કટ્ટરપંથી સંગઠનો વિદેશમાં ગતિવિધિઓ કરી રહ્યા છે તે અંગે હું ચિંતિત છું, વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવીદિલ્હી,

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરાના મામલામાં પહેલીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રતિક્રિયા આવી છે. ઉલ્લેખનીય છે કે અમેરિકાએ આ મામલે ભારત પાસે તપાસની માંગ કરી છે. આ ઘટના અંગે પીએમ મોદીએ કહ્યું કે તેઓ આ કેસમાં મળેલા પુરાવાઓની તપાસ કરશે. જો કે, વડાપ્રધાને એમ પણ કહ્યું કે આ નાની ઘટનાઓથી ભારત અને અમેરિકાના સંબંધોમાં કોઈ ફરક નહીં પડે.

તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા અમેરિકન ગુપ્તચર એજન્સીના અધિકારીઓએ ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની અમેરિકન ધરતી પર હત્યાના ષડયંત્રનો ખુલાસો કર્યો હતો. અમેરિકા દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે એક ભારતીય વ્યક્તિએ પન્નુની હત્યાનું કાવતરું ઘડ્યું હતું અને તે ભારતના એક સરકારી અધિકારીના સંપર્કમાં હતો. આ કેસમાં ભારતીય અધિકારીની ઓળખ જાહેર કરવામાં આવી નથી. જો કે અમેરિકાએ આ ઘટના અંગે ભારત પાસે તપાસની માંગ કરી હતી. પીએમ મોદીએ અમેરિકાના આ આરોપો પર એક અખબારની સાથે વાત કરી હતી. તેમણે કહ્યું કે જો આપણા નાગરિકોમાંથી કોઈએ કંઈ સારું કે ખરાબ કર્યું છે તો અમે આ મામલે તપાસ કરવા તૈયાર છીએ. કાયદાના શાસન પ્રત્યે અમારી સંપૂર્ણ પ્રતિબદ્ધતા છે. આ સાથે વડાપ્રધાને ખાલિસ્તાની આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, "જે રીતે કેટલાક કટ્ટરપંથી સંગઠનો વિદેશમાં ગતિવિધિઓ કરી રહ્યા છે તે અંગે હું ચિંતિત છું. આવા તત્વો અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે લોકોને ડરાવવા અને હિંસા ભડકાવવામાં સામેલ છે. "જીવ."

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કહેવા પ્રમાણે, આ આરોપોની ભારત-અમેરિકા સંબંધો પર કોઈ અસર થવાની નથી. "આ સંબંધને મજબૂત કરવા માટે મજબૂત દ્વિપક્ષીય સમર્થન છે, જે સ્થિર ભાગીદારીની સ્પષ્ટ નિશાની છે," તેમણે કહ્યું. મને કેટલીક ઘટનાઓને બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો સાથે જોડવાનું પસંદ નથી.

મેનહટનની ફેડરલ કોર્ટમાં યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા દાખલ કરવામાં આવેલા આરોપમાં ભારતીય અધિકારી સામેના આરોપોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આરોપ મુજબ, ભારતીય અધિકારીઓ ૫૦ વર્ષીય ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા સાથે કામ કરી રહ્યા હતા, જેની ચેક રિપબ્લિક સત્તાવાળાઓ દ્વારા આ વર્ષે ૩૦ જૂને ધરપકડ કરવામાં આવી હતી. તેના પર પન્નુની હત્યા માટે હત્યારાને પૈસા ચૂકવવાનો આરોપ છે.

આ પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર સાથે ફોન પર વાત કરી અને મિમિક્રીના મુદ્દે દુઃખ વ્યક્ત કર્યું. પીએમ મોદીએ કહ્યું કે તેઓ પણ છેલ્લા ૨૦ વર્ષથી આ પ્રકારનું અપમાન સહન કરી રહ્યા છે, પરંતુ પોતાની ફરજ નિભાવતા રહ્યા. પીએમ મોદીએ કહ્યું કે વિપક્ષનું વર્તન દુર્ભાગ્યપૂર્ણ છે.વાસ્તવમાં, ગઈકાલે સંસદની બહાર મકર દ્વાર ખાતે વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરવાના વિરોધમાં સાંસદો ભેગા થઈને વિરોધ કરી રહ્યા હતા. ત્યારબાદ ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જીએ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરના હાવભાવની નકલ કરવાનું શરૂ કર્યું. આ મિમિક્રી દરમિયાન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી એક વીડિયો બનાવી રહ્યા હતા. જ્યારે કલ્યાણ બેનર્જી મિમિક્રી કરી રહ્યા હતા ત્યારે વિપક્ષના ઘણા સાંસદો ત્યાં હાજર હતા. જગદીપ ધનખરે પોતે ગૃહની અંદર આ મામલે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે મેં હમણાં જ એક ટીવી ચેનલ પર જોયું કે એક સાંસદ રાજ્યસભાના અધ્યક્ષની મજાક ઉડાવી રહ્યા છે અને તમારો એક નેતા તેનો વીડિયો બનાવી રહ્યો છે. ધનખરે કહ્યું કે હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેને સારી બુધ્ધિ મળે. ચેરમેન પદ અલગ છે. રાજકીય પક્ષો પક્ષ અને વિપક્ષના રૂપમાં એકબીજા સાથે ટકરાઈ શકે છે, પરંતુ અધ્યક્ષને આનાથી દૂર રાખવા જોઈએ. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉપરાષ્ટ્રપતિ ધનખર સાથે ફોન પર વાત કરી હતી. તેમણે આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન મોદીએ વિપક્ષના વલણને દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યું હતું. ઉપાધ્યક્ષ જગદીપ ધનખરે ટ્વીટ કરીને આ માહિતી આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ પણ સોશિયલ મિડિયા પર પોસ્ટ કરીને દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે એકસ પર પોસ્ટ કરીને કહ્યું હતું કે સંસદ પ્રાંગણમાં ઉપરાષ્ટ્રપતિને જે રીતે અપમાનિત કરવામાં આવ્યા તે જોઈને હું નિરાશ છું. ચૂંટાયેલા પ્રતિનિધિઓને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય છે, પણ તેમણે અભિવ્યક્તિની ગરિમા અને શિષ્ટાચાર જાળવવા જોઈએ.

## અમદાવાદમાં વિઝા કૌભાંડ આચરનારની ઓફિસે દરોડા, નકલી દસ્તાવેજોનો જથ્થો મળી આવ્યો

અમદાવાદ,

શહેરના સી.જી રોડ પર આવેલી હાઈટેક એજ્યુકેશન નામની ઓફિસમાં સીઆઈડી ક્રાઈમે દરોડા પાડીને જીગર શુક્લ અને નિરવ મહેતા નામના બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે. વિદેશમાં સ્ટુડન્ટ વિઝા, વર્ક પરમિટ અપાવવાના બહાના હેઠળ અલગ-અલગ યુનિવર્સિટીની ખોટી માર્કશીટ, નકલી સિક્કા તથા દસ્તાવેજનો જથ્થો વિપુલ પ્રમાણમાં સીઆઈડી ક્રાઈમે કબ્જે કર્યો છે. ખોટા દસ્તાવેજો, ભૂતિયા કંપનીના અનુભવના લેટર પેડ તથા સિક્કાના આધારે એક પ્રોફાઈલ બનાવવામાં આવતી અને કેન્ડીડેટ પાસેથી લાખો રૂપિયા વસુલવામાં આવતા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાતમાં યુવાનોમાં જે પ્રમાણે વિદેશ જવાનું ઘેલું લાગ્યું છે. તેને પગલે અમદાવાદમાં બોગસ વિઝા અપાનારા લોકો બિલાડીના ટોપની જેમ ફાટી નીકળ્યા છે. તેના અનુસંધાને છેલ્લા થોડા દિવસોથી સીઆઈડી ક્રાઈમના ફોર્ડ સેલ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. ગત ૧૫ ડિસેમ્બરના રોજ શહેરના સી.જી રોડ પર આવેલી હાઈટેક એજ્યુકેશન નામની સંસ્થાની બે દુકાનો દરોડા પાડીને જીગર શુક્લ અને નિરવ મહેતા નામના બંને શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. ઉપરાંત આરોપી જીગર શુક્લને સાથે રાખીને સીઆઈડી ક્રાઈમે જ્યારે ઓફીસમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું ત્યારે પોલીસને ઘણી બધી કંપનીઓના અનુભવના લેટર પેડ તથા યુનિવર્સિટીની ડુપ્લીકેટ માર્કશીટ પણ મળી આવી હતી. જેમાં મોટા ભાગની માર્કશીટો છત્તીસગઢ યુનિવર્સિટીની હોવાનું સામે આવ્યું હતું.

આ તમામ બનાવટી ડોક્યુમેન્ટના આધારે વિઝા મેળવનાર લોકોની ખોટી પ્રોફાઈલ ઉભી કરવામાં આવતી હતી. તેના આધારે ત્યાર બાદ તે લોકોની વિઝા માટેની ફાઈલ મુકવામાં આવતી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. હાલ સીઆઈડી ક્રાઈમ ફોર્ડ યુનિટ દ્વારા આરોપીની મેરેથોન પૂછપરછ કરવામાં આવી રહી છે કે, આ તમામ નકલી દસ્તાવેજો અને તે પણ આટલા મોટા પ્રમાણમાં ક્યાંથી લાવ્યા હતા. ઉપરાંત આ સમગ્ર કૌભાંડમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે દિશામાં સીઆઈડી ક્રાઈમ તપાસ શરૂ કરી દીધી છે

## મરાઠા આરક્ષણ પર ચર્ચા કરવા ફેબ્રુઆરીમાં વિશેષ સત્ર બોલાવાશે, મુખ્યમંત્રી શિંદ

મુંબઈ,

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મંગળવારે કહ્યું કે મરાઠા આરક્ષણ પર ચર્ચા કરવા ફેબ્રુઆરી ૨૦૨૪માં એક વિશેષ સત્ર બોલાવવામાં આવશે. તેમણે ખાતરી આપી હતી કે મરાઠા સમુદાયને અનામત આપતી વખતે અન્ય કોઈ સમુદાય સાથે અન્યાય કરવામાં આવશે નહીં.

મુખ્યમંત્રીએ વિધાનસભામાં કહ્યું, 'સુપ્રીમ કોર્ટમાં સુધારાત્મક અરજી દ્વારા આશાનું કિરણ જાગ્યું છે. રાજ્ય પછાત વર્ગ આયોગ દ્વારા અમે મરાઠા સમુદાય પછાત હોવાનું સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સમગ્ર તંત્ર તેમને મદદ કરી રહ્યું છે.

મુખ્યમંત્રી શિંદેએ કહ્યું કે, 'રાજ્ય પછાત વર્ગ આયોગ એક મહિનાની અંદર પોતાનો રિપોર્ટ સુપરત કરશે ત્યારબાદ તેની સમીક્ષા કરવામાં આવશે. મરાઠા સમુદાયને અનામત આપવા માટે ફેબ્રુઆરીમાં વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવામાં આવશે અને મરાઠા સમુદાયને જરૂરિયાત મુજબ અનામત આપવામાં આવશે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ કહ્યું, 'હું તમને ખાતરી આપું છું કે મરાઠા સમુદાયને અનામત આપતી વખતે અન્ય કોઈ સમુદાય સાથે અન્યાય નહીં થાય.'મ્ઝ સમુદાયના આરક્ષણને સ્પર્શ્યા વિના કાયદાના માળખામાં મરાઠા સમુદાયને કાયમી અનામત આપવાની જવાબદારી અમારી છે.

તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં શિવબા સંગઠનના સંસ્થાપક મનોજ જરાંગે-પાટીલના નેતૃત્વમાં મરાઠા સમુદાયને અનામત આપવાનું આંદોલન ચાલી રહ્યું છે. જરાંગે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં અને ફરીથી ઓક્ટોબરમાં દશેરા પછી મરાઠા સમુદાય માટે આરક્ષણની માંગ સાથે ભૂખ હડતાળ પર બેઠા. તેમણે મરાઠા સમુદાય માટે કુણબી પ્રમાણપત્ર માંગ્યું હતું, જેઓ રાજ્યમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) નો ભાગ છે.૨ નવેમ્બરે તેમના બીજા ઉપવાસને સમાપ્ત કરતી વખતે, જરાંગે સરકારને મરાઠાઓને અનામત આપવા માટે ૨૪ ડિસેમ્બરની સમયમર્યાદા નક્કી કરી હતી.

## NDAના સાંસદોએ એક કલાક ઊભા રહીને ધનખડને સપોર્ટ કર્યો : વિપક્ષે સૂત્રોચ્ચાર કર્યા

નવીદિલ્હી,

૧૪૧ સાંસદોના સસ્પેન્શન વિરુદ્ધ સંસદના શિયાળુ સત્રના ૧૩મા દિવસે (બુધવાર) વિપક્ષનું પ્રદર્શન ચાલુ રહ્યું હતું. પહેલા વિપક્ષી સાંસદોએ ગાંધી પ્રતિમાની સામે સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને પછી સંસદના મકર ગેટની બહાર પ્રદર્શન કર્યું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે જ્યાં સુધી સાંસદોનું સસ્પેન્શન પાછું નહીં ખેંચાય ત્યાં સુધી વિપક્ષનો વિરોધ ચાલુ રહેશે.

તે જ સમયે, રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડની નકલના મામલે સત્તાધારી પક્ષ એટલે કે એનડીએના સાંસદોએ અલગ રીતે પ્રદર્શન કર્યું. સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે ઉપરાષ્ટ્રપતિ ધનખડના સમર્થનમાં એક કલાક ચાલેલી કાર્યવાહી દરમિયાન એનડીએના સાંસદો પ્રશ્ન-જવાબ સત્ર દરમિયાન ઊભા હતા.

૧૩ ડિસેમ્બરે સંસદમાં ઘૂસણખોરી મુદ્દે વિપક્ષના ગૃહમંત્રીના નિવેદનની માગણી કરીને હંગામો કરવા બદલ અત્યાર સુધીમાં વિપક્ષના ૧૪૧ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમાંથી ૧૦૭ લોકસભા અને ૩૪ રાજ્યસભામાંથી છે. આ સાંસદોને સંસદમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મંગળવારે મોડી રાત્રે (૧૯ ડિસેમ્બર) લોકસભા સચિવાલયે એક પરિપત્ર જાહેર કરીને આ સાંસદોને સંસદની ચેમ્બર, લોબી અને ગેલેરીમાં આવવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

વિપક્ષે સંસદ સંકુલમાં ગાંધી પ્રતિમા સામે સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ પ્રદર્શનમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ પણ ભાગ લીધો હતો.મંગળવારે ગૃહમાંથી સસ્પેન્ડ કરાયેલા સાંસદોએ સંસદના ગેટ પર બેસીને વિરોધ કર્યો હતો. આ દરમિયાન ટીએમસી સાંસદ કલ્યાણ બેનર્જી ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડની નકલ કરતા જોવા મળ્યા, રાહુલ ગાંધી તેમનો વીડિયો બનાવતા રહ્યા હતાં.

## ખતરાનાં ઢગલા ઉપર બેઠા છે ૨૦ દેશો : ૨૦૨૪માં માનવીય સંકટ ઘેરૂ બનશે

નવીદિલ્હી,

જળવાયુ ખતરા વચ્ચે આશંકા છે કે ૨૦ દેશોમાં આવતા વર્ષે માનવીય સંકટની સ્થિતિ વધુ ખરાબ થશે. ઈન્ટરનેશનલ રેસ્ક્યુ કમિટીની ઈમરજન્સી વોચલિસ્ટ રિપોર્ટમાં સુદાનને આ સંજોગો વચ્ચે સર્વાધિક સંવેદનશીલ માનવામાં આવ્યું છે.

આ રિપોર્ટ તે સમયે આવ્યો છે જયારે આ વર્ષે માનવીય સહાયતાની જરૂરિયાતવાળા લોકોની સંખ્યા વધીને ૩૦ કરોડ થઈ ગઈ છે અને વિસ્થાપિતો વ્યકતિનો આંકડો ૧૧ કરોડ સુધી પહોંચી ગયો છે.?

જળવાયુ પરિવર્તન, સશષા સંઘર્ષ અને વધતા દેણા૨૦૨૪ માં વિશ્વમાં માનવીય સંકટ વધી જશે. માનવીય સ?થિતિ બગડવાના આશંકા વાળા દેશોમાં ઉપ-સહારા આફ્રિકાના ૯ દેશોની સાથે સાથે એશિયામાં મ્યાનમાર તેમજ અફઘાનિસ્તાન, મધ્યપૂર્વમાં સીરિયા, લેબેનોન અને યમન, યુરોપનું યુક્રેન, દક્ષિણ અમેરિકાનું ઈક્વાડોર અને કેરેબિયનમાં હૈતી સામેલ છે. કેટલાક આફ્રિકી દેશોના જીવનસ્તરમાં તેજીથી સુધારો કરવામાં આવ્યો છે. પરંતુ સંઘર્ષ, સત્તા પલટો, અને ગરીબી જેવી સમસ્યાઓ ખતરનાક સ્તરે વધી રહી છે. બીજી બાજુ અલનીનો મોસમની ઘટનાઓ જળવાયું માટે ખતરારૂપ છે.?

હિંસક પ્રવૃત્તિમાં વધારાના કારણે અનેક વેનેઝુએલા શરણાર્થીઓનું ઘર પહેલીવાર આ યાદીમાં સામેલ થયું છે. દેશમાં મોટા પાયે માદક પદાર્થોની દાણચોરી અને મહામારી તેમજ જળવાયુ જોખમે આર્થિક રૂપે તેને નબળું પાડયું છે. કેરેબિયાઈ દેશ હૈતીમાં અડધી વસ?તીને માનવીય સહાયતાની જરૂરિયાત છે અને તેની સંભાવના ઓછી છે કે શકતિશાળી સશષા ગેંગ સાથે લડવામાં પોલીસની મદદ કરવાના સંયુક્ત રાષ્ટ્રના પ્રયાસોથી આવતા વર્ષે સ્થિટીમ મહદ અંશે સુધારો થશે.

## અમરેલીમાં પાણીના પ્લાન્ટના નામે નકલી ઘી બનાવવાના રેકેટનો પર્દાફાશ

અમરેલી,

ગુજરાતમાં આજકાલ જાણે નકલી વસ્તુઓ બનાવવાની વણઝાર જોવા મળી રહી છે. એક પછી એક નકલી બનાવટોનો પર્દાફાશ થઈ રહ્યો છે. ત્યારે હવે અમરેલી જિલ્લામાં નકલી ઘીના વેપારનો પર્દાફાશ થયો છે. લીલીયાના પીપળવા ગામમાં પાણીના પ્લાન્ટના નામે નકલી ઘી બનાવવાનું રેકેટ ચાલતુ હતુ. પોલીસની ટીમે દરોડા પાડી નકલી ઘીનું નેટવર્ક ઝડપી લીધુ છે. ગુજરાતભરમાં ડુબ્લિકેટ પકડાવવાની જાણે મોસમ ચાલી રહી હોય તેવુ લાગી રહ્યુ છે. અમરેલી જિલ્લામાં મોડી રાતે લીલીયાના પીપળવા ગામ નજીક નકલી ઘીની મોટી ફેક્ટરી ધમધમી રહી હોવાની લીલીયા પીએસઆઇ સિદ્ધરાજ સિંહ ગોહિલને બાતમી મળી હતી. જેના આધારે પોલીસની ટીમે દરોડા પાડ્યા હતા.જે પછી પીપળવા પાણીના પ્લાન્ટની આડમાં મોટી માત્રામાં ઘીનો જથ્થો મળી આવ્યો હતો. નકલી ઘીનો મોટા પ્રમાણમાં જથ્થો જોઇને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. નકલી ઘી બનાવવાના રેકેટનો પર્દાફાશ થવાની ઘટનાને લઈ અમરેલી ડીવીઝન ડી.વાય.એસ.પી. જગદીશ સિંહ ભંડારી પણ દોડી આવ્યા હતા. મોડી રાતે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે ત્યાં પહોંચીને ઘીના સેમ્પલ લીધા હતા. અમરેલી જિલ્લાના આ સૌથી મોટા નકલી ઘીના રેકેટનો પર્દાફાશ કરવામા આવ્યો છે. આ ફેકટરીમાંથી નકલી ઘીના નાના મોટા અનેક પેકિંગ કરેલા જથ્થા પણ મળી આવ્યા છે. દરોડા પાડ્યા બાદ પોલીસને જાણવા મળ્યુ કે આ નકલી ઘીનું કનેક્શન રાજુલા પંથક સુધી ફેલાયેલુ છે. નકલી ઘીના પેકેટ પર નીચે રાજુલા શહેરનું સરનામું આપવામાં આવ્યુ છે. મોટી માત્રામા ઘી હોવાને કારણે મોડી રાત સુધી ગણતરી સહિતની પોલીસની કામગીરી ચાલતી હતી. લીલીયા પોલીસ સ્ટેશનમાં આજે સમગ્ર મામલે ગુનો નોંધાશે. નકલી ઘીના નેટવર્ક પાછળ મુખ્ય સૂત્રધાર કોઈ ભેજાબાજ હોવાની શક્યતા જોવા મળી રહી છે. રાજયભરના મહાનગરોમાં આ ઘી સપ્લાય થતું હોવાની પોલીસને આશંકા છે.પોલીસે આ ઘીની કેટલા સમયથી અહીં ફેક્ટરી ધમધમી રહી હતી અને અન્ય ક્યાં ક્યાં વિસ્તારમાં સપ્લાય કરવામાં આવતું હતું તેની તપાસ શરુ કરી છે.નકલી ઘીનો કેટલો જથ્થો પકડાયો અને કેટલા આરોપી સંડોવાયેલા છે તેની માહિતી આજે પોલીસ દ્વારા જાહેર કરવામાં આવશે.

## ભારે વરસાદને કારણે તમિલનાડુના ઘણા વિસ્તારો પાણીમાં ડૂબી ગયા

ચેન્નાઈ,

ચક્રવાતી તોફાન મિચોંગ બાદ હવે તમિલનાડુમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. હવામાન વિભાગે ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. તમિલનાડુના દક્ષિણી જિલ્લાઓમાં સતત વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સ્થિતિ એવી છે કે ભારે વરસાદને કારણે ૧૦ લોકોના મોત થયા છે. આ માહિતી તમિલનાડુના મુખ્ય સચિવ શિવ દાસ મીણાએ આપી છે. પાણી ભરાવાને કારણે અનેક લોકો ફસાયા છે. આ દરમિયાન ભારતીય સેનાની રેસ્ક્યુ ટીમ શ્રીવૈકુંટમ પહોંચી ગઈ છે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા ભારે વરસાદને કારણે તામ્રપર્ણી નદીમાં પૂર આવ્યું છે, જેના કારણે ઘણી ઈમારતો ડૂબી ગઈ છે.

બદલાતા વાતાવરણની અસર તમિલનાડુ પર સ્પષ્ટ દેખાઈ રહી છે. ઘણા વિસ્તારોમાં ઘરોની છત પણ દેખાતી નથી. ભારે વરસાદને કારણે સર્વત્ર પાણી જ પાણી દેખાય છે. વીડિયોમાં તમિલનાડુના પાણીમાં ડૂબેલા વિસ્તારો સ્પષ્ટ જોઈ શકાય છે.ડ્રોનથી લેવામાં આવેલી આ તસવીરો સ્પષ્ટપણે દર્શાવે છે કે ચક્રવાતી તોફાન મિચોંગ બાદ તમિલનાડુ વધુ એક દુર્ઘટનાનો સામનો કરી રહ્યું છે. ભારે વરસાદને કારણે ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકો બેઘર થઈ રહ્યા છે. વરસાદના કારણે નદીઓ અને નાળાઓ તણાઈ ગયા છે.

ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટરે તમિલનાડુના વરસાદ અને પૂર પ્રભાવિત વિસ્તારોમાં રાહત સામગ્રી પહોંચાડી છે. ભારતીય કોસ્ટ ગાર્ડ એએલએચ હેલિકોપ્ટરે સવારે મદુરાઈથી ૩૫૦ કિલો સામગ્રીને વરસાદથી પ્રભાવિત થૂથુકુડીના વિસ્તારોમાં પહોંચાડવા માટે ઉડાન ભરી હતી. ૩૫૦ કિલો રાહત સામગ્રીથી ભરેલું બીજું હેલિકોપ્ટર પણ ટૂંક સમયમાં ઉડાન ભરશે.

તમિલનાડુના મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિન નવી દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને તેમને ચક્રવાત મિચોંગ અને દક્ષિણ જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે થયેલા નુકસાનને રાષ્ટ્રીય આપત્તિ તરીકે જાહેર કરવા અને આપત્તિ રાહત ભંડોળ પ્રદાન કરવા વિનંતી કરી હતી. સીએમ સ્ટાલિને કહ્યું કે ૧૦૦ વર્ષના ઈતિહાસમાં ભારે વરસાદને કારણે દક્ષિણના જિલ્લાઓમાં ઘણું નુકસાન થયું છે. તેથી, તિરુનેલવેલી, થૂથુકુડી, કન્યાકુમારી અને તેનકાસી જિલ્લાના લોકોને જરૂરી સહાય પૂરી પાડવા માટે આપત્તિ રાહત ફંડમાંથી રૂ. ૨૦૦૦ કરોડ છોડવાની જરૂર છે.

તમિલનાડુના મુખ્ય સચિવ શિવ દાસ મીણાએ વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં અમે ૧૬૦ રાહત શિબિરોની સ્થાપના કરી છે અને આ રાહત શિબિરોમાં લગભગ ૧૭,૦૦૦ લોકોને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. લોકોને લગભગ ૩૪,૦૦૦ ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે અને હજુ પણ અમે કેટલાક ગામો સુધી પહોંચી શકતા નથી કારણ કે પાણીનું સ્તર હજી નીચે ગયું નથી.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# ચપટીયા ગ્રામ પંચાયતના તલાટીને ફરજમાં રૂકાવટ કરી ફેટ પકડતા ઈસમ વનેશ પટેલ સામે ફરિયાદ

મલેકપુર,
મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના ચપટીયા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી વિજય રાયજીભાઈ પટેલ દ્વારા આજરોજ કોઠંબા પોલીસ સ્ટેશનમાં હાજર થઈ તેઓ સાથે બનેલ અઘટિત ઘટનાને લઈને ચપટીયા ગામના ઈસમ વનેશ પટેલ ના હોય આવીને હું ગૌચરમાં દબાણ કરનાર નું નામ આપીશ નહીં તું જાણતો નથી, તેમ કહી તલાટી વિજય પટેલની ફેટ પકડી તને દબાણ દેખાતું નથી તેમ કહેતા બોલા ચાલી થતા પોલીસ ફરિયાદ કરવામાં આવેલ.

સવારના આશરે સાડા દશેક વાગ્યાના સુમારે હુ મારી ચપટીયા ગ્રામ પંચાયત ઉપર હાજર હતો. તે દરમ્યાન વરધરી વિસ્તરણ અધિકારી મીલનબેન સોમસિહ રાઉલજી નાઓએ ફોન કરી જણાવેલ કે હુ ચપટીયા પંચાયત વિસ્તારમાં રહેતા વનેશકુમાર મહેન્દ્રભાઈ પટેલ નાઓએ કલેકટર મહીસાગર–લુણાવાડા નાઓને ચપટીયા ગ્રામ પંચાયતમાં ગૌચરમાં થયેલ દબાણ દુર કરવા બાબતે સ્વાગત કાર્યકમમાં કરેલ અરજી બાબતે અરજદારનું નિવેદન લેવાનુ હોવાથી આવુ છું અને તમો અરજદાર વનેશકુમારને દબાણવાળી જગ્યાએ હાજર રાખશો તેમ જણાવતા તલાટી વિજય પટેલ એ વનેશકુમાર મહેન્દ્રભાઈ પટેલ ને નિવેદન લેવા બાબતે ફોન કરી હાજર રહેવા જણાવેલ અને વરધરી વિભાગના વિસ્તરણ અધિકારી ગ્રામ પંચાયતે આવતા તલાટી તથા વિસ્તરણ અધિકારી તથા સરપંચ તથા ગામના પ્રવિણભાઈ ગોવિદભાઈ પટેલ તથા બે ત્રણ ગામ ના માણશો એ દબાણવાળી જગ્યા ચપટીયા પ્રાથમિક શાળાની બાજુમાં આવેલ સર્વે નં.૧ ગૌચરવાળી જગ્યાએ આશરે સાડા અગિયારેક વાગ્યાના સુમારે જતા વનેશકુમાર મહેન્દ્રભાઈ પટેલ હાજર હોય તેઓએ અમોને જોઈ કહેવા લાગેલ કે દબાણ તને દેખાતુ નથી તુ મારી જોડ કેમ બોલાવે છે જે ગૌચરની જમીનનુ દબાણ કરેલ હોય તે જાતેથી જોઈ લેવુ હુ કોઈના નામ નહી આપુ તમો તેમજ સરપંચ નામ લખાવશે તેમ કહેતા તલાટી વિજય પટેલે ગૌચરની જમીનમાં દશ વર્ષ પહેલા ત્રણ મકાનનું બાધકામ થયેલ હોય તેને દુર કરવા સારૂ કરેલ કાર્યવાહીની ફાઈલ બતાવતા તેમજ તમોએ સ્વાગતમાં કલેકટર ને અરજી કરેલ હોય જે અરજી બાબતે તમારે કોઈ રજુઆત કરવી હોય તે વિસ્તરણ અધિકારી હાજર હોય તેઓની રૂબરૂમાં કરો તેમ કહેતા વનેશ પટેલ એ તુ દબાણ કરેલ માણસોના નામ કેમ નથી આપતા તેમ કહી ગાળાગાળી કરી ફેટ પકડી તલાટી સાથે ઝપાઝપી કરી છુટા હાથનો મારમારી મારી ફરજમાં રૂકાવટ કરેલ નજીકમાંથી ગીરીશભાઈ કાન્તીભાઈ પટેલ રહે ચપટીયા તથા ડાહ્યાભાઈ સુખાભાઈ પરમાર રહે.કડાચલા નાઓ આવી જતા તલાટી ને વધુ મારમાથી છોડાવેલ આ વખતે આ વનેશ પટેલ એ મને કહેતા હતો કે હુ તને કડાછલા ગામે નોકરી નહી કરવા દઉં ને તારી બદલી કરાવી દઈશ તેમ કહી તેના ઘર તરફ જતો રહેલ હોય જેથી તલાટી તથા પ્રવિણભાઈ ગોવિદભાઈ પટેલ રહે.ચપટીયા તથા ડાહ્યાભાઈ સુખાભાઈ પરમાર રહે.કડાચલા નાઓ સાથે કોઠંબા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ છે.

વધુમાં ચપટીયા ગ્રામ પંચાયતના તલાટી વિજય પટેલ સાથે સ્વાગતમાં અરજી કરનાર કરનાર એ ફેટ પકડી અશ્વભનીય વર્તન કરી ફરજમાં રૂકાવટ કરતા બનાવના પડઘા તાલુકા તેમજ જીલ્લાના તલાટી મંડળોમાં પડતા લુણાવાડા તાલુકા પંચાયતના તલાટી મંડળ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને તેમજ જીલ્લા કલેક્ટર જીલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપીને આવા તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી થાય તે બાબતનું આવેદનપત્ર આપ્યું હતું આ બનાવને લઈને તલાટીઓમાં ઉગ્ર રોસ જોવા મળ્યો હતો.

# વીરપુરના ચીખલી નવી વસાહતમાં ઉભા પાકમાં ફર્યું બુલડોઝર


તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસિનોર,
વિરપુર તાલુકાના ચીખલી નવી વસાહતના ગામે તાજેતરમાં જંગલખાતા દ્વારા સ્થાનીકોના ખેતરના ઉભા પાક ઉપર અધિકારીઓ દ્વારા જેસીબી ફેરવી દેતાભારે નુકશાન થયું હતું અને જેને લઈને ખેડુતોમાં ભારે રોષ જોવા મળ્યો છે. તાલુકાના ચીખલી નવી વસાહતના ગામે જંગલખાતા દ્વારા ગેરકાયદે પરિવારના ભોગવટા વાળી જમીન અને ખેતરોના ઉભા પાક પર જેસીબી ફેરવી નુકશાન પહોંચાડી નોંધારા બનાવી દીધા હતા. ત્યારે સ્થાનિક ખેડૂતો દ્વારા જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં તેમજ વળતરની માંગ કરી રહ્યા છે, ત્યારે સ્થાનિક ખેડૂતો દ્વારા મળતી વિગતો અનુસાર જંગલખાતાની ટીમ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે આવી ખેડૂતોની જમીન અને ખેતરો પર કબ્જો જમાવી, ખેતરમાં તૈયાર થયેલા અંદાજે ઉભા પાક ૨૫ હેક્ટર જમીનમાં પર જેસીબી મશીનથી અંદાજે ઘઉં, રાયડો, દિવેલા, વરિયાળી, સહિતના પાકોનું વાવેતર કર્યું છે. ત્યારે ખેડૂતોએ ભૂંડના ત્રાસથી પાકને બચાવવા રાત દિન એક કરી મહામહેનતે પાકની માવજત કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ વધુ એક અણધારી મુશીબત આવતા ખેડૂતો ના ઘરના કે ના ઘાટના જેવી સ્થિતિ ઉભી થઈ છે, ત્યારે વનવિભાગ દ્વારા કોઈપણ પ્રકારની નોટિસ આપ્યા સિવાય ૨૫ હેકટરથી વધુ ઉભા પાક પર બુલડોઝર ફેરવી દેતા, ખેડૂતોના મોં માંથી કોળિયો છીનવાતા, ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. ત્યારે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આ મામલે ચોકસાઈ પૂર્વક તપાસ કરવામાં આવે તેવી ખેડૂતોની ઉગ્ર માંગ ઉઠી છે. ત્યારે ફોરેસ્ટ વિભાગના અધિકૃત અધિકારીઓનો ટેલિફોનિક સંપર્ક કરતા જણાવ્યું કે, ખેડૂતોને નોટિસ આપવામાં આવી છે, ત્યારે ઉભા પાકમાં જેસીબી ફરેવતા પડતા પર પાટુ જેવી દયનિય હાલત થતા ખેડૂતોએ રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. ત્યારે ખેડૂત પરિવાર પર આભ તૂટી પડ્યું. સ્થાનિક ખેડૂતોએ જણાવ્યું હતું કે, વન વિભાગ દ્વારા કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર અમારા ઘઉં, રાયડો અને વરિયાળી જેવા તૈયાર થયેલા ઉભા પાક પર જેસીબી ફેરવી દેતા અમને પાંચથી સાત લાખથી વધુ રૂપિયાનું નુકશાન થયું છે. તેમણે કહ્યું કે, વનવિભાગે જમીન તો છીનવી પરંતુ તૈયાર પાકને પણ ખેડૂતના મોઢા માંથી છીનવી લીધો છે.

# જિલ્લા પંચાયત ભવન ખાતે કૂપોષણ મુક્ત ખેડા પ્રોજેકટ અમલીકરણ અંતર્ગત તાલીમ કાર્યક્રમ યોજાયો



નડીયાદ,
જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપણા હેઠળ કુપોષણ મુક્ત ખેડા જિલ્લાના અભિગમને સાચા અર્થમાં સાર્થક કરવા માટે મહુધા, ઠાસરા અને ગળતેશ્વર તાલુકાને પાઈલોટ પ્રોજેકટ તરીકે પસંદગી કરી કુપોષણ મુક્ત અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં પ્રોજેકટના અંતે કુલ ૧૫૦ માંથી ૧૪૦ થી વધારે બાળકો અતિકુપોષણમાંથી બહાર આવ્યા છે. પાયલોટ પ્રોજેકટની આ સફળતા બાદ જિલ્લાના તમામ ૧૦ તાલુકાઓમાં આ અભિયાનનું અમલીકરણ કરવામાં આવનાર હોય જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત ભવન ખાતે આઈ.સી.ડી.એસ. શાખા, આરોગ્ય શાખા દ્વારા સંબંધિત કર્મચારીઓનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રોજેકટનો મુખ્ય હેતુ બાળકોને કુપોષણ મુક્ત કરવા તેમજ બાળક બે વર્ષનું થાય ત્યાં સુધી સતત સંભાળ કરવી, લાભાર્થીઓ તેમજ તેમના કુટુંબીજનોનું જીવન ધોરણ ઊંચું લાવવું, ગ્રામ્ય સ્તરે આરોગ્ય અને પોષણ બાબતે જન જાગૃતિ લાવવાનો છે.

આ કાર્યક્રમમાં આર.સી.એચ.ઓ અને પ્રોગ્રામ ઓફિસર–આઈ.સી.ડી.એસ દ્વારા તાલીમ આપવામાં આવી હતી જેમાં સ્તનપાનનું મહત્વ, રસીકરણ, બાળકોમાં કુપોષણ માટે જવાબદાર કારણો, પૌષ્ટિક આહાર, સ્વચ્છતા, બીમાર બાળકની સંભાળ, બાળકના વૃદ્ધિ વિકાસના મૂલ્યાંકનની દેખરેખ, સગર્ભાવસ્થા દરમિયાનની કાળજી, ત્રીજું ભોજન, ગૃહ મુલાકાત, કાઉન્સેલિંગ વગેરે મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા તદુપરાંત ફિલ્ડકક્ષાએ દૈનિક કરવાની કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રોજેકટનું સુચારૂં અમલ કરવા માટે ચેકલીસ્ટની સમજ આપવામાં આવી હતી તથા આંગણવાડી કાર્યકર, આશા અને અન્ય ફિલ્ડ સ્ટાફ દ્વારા નિયત ગાઈડ્લાઈન મુજબ નિયમિત કામગીરી થાય તે સુનિશ્ચિત કરવા તેમજ અઠવાડિયામાં એક વખત તાલુકાકક્ષાએ સમીક્ષા કરવા સૂચન કરવામાં આવ્યું હતું. સાથે સાથે પ્રોજેકટની વ્યુહરચનાના પગલાં વિશે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સી.ડી.એચ.ઓ, આર.સી.એચ.ઓ, પ્રોગ્રામ ઓફિસર–આઈ.સી.ડી.એસ, તાલુકા હેલ્થ ઓફિસર, મેડિકલ ઓફિસર,આર.બી.એસ.કે નોડલ, બાળ વિકાસ યોજના અધિકારી અને મુખ્ય સેવિકા હાજર રહયાં હતા.

# બાલાસિનોર બસ સ્ટેન્ડ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસિનોર,
તારીખ ૨૦/૧૨/૨૩ બાલાસિનોર ડેપો ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરેલ મોટી સંખ્યામાં બસ સ્ટેન્ડના કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત પેસેન્જર પણ હાજરીમાં કાર્યક્રમ યોજવામાં આવ્યું હતું. જેમાં એલ.આઈ.સી. બ્રાન્ચ મેનેજર મંથનભાઈ વૈષ્ણવ, બાલાસિનોર ડેપો મેનેજર કે.આર.પટેલ, ટીઆઈ કાંતિભાઈ, જુ.આ.અશ્વિનભાઈ ચૌહાણ તેમજ માન્ય યુનિયન પ્રતિનિધિ, ડ્રાઈવર–કંડકટર અને મિકેનિક સાથે મળી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

# સંતરામપુર તાલુકાના જાબ કણાવાડા નજીક એસટી બસ અને કાર સાથે અકસ્માત સર્જાયો



સંતરામપુર,
બસમાં બેઠેલા મુસાફરનો આબાદ બચાવ થયો. સંતરામપુર નજીક આવેલા જબ કનાવાડા રોડ ઉપર અકસ્માત સર્જાયો હતો. બસ અને કાર અકસ્માત સર્જાતા ફોરવીલર ગાડીના ફૂર્ચા બોલી ગયા હતા. અકસ્માત સર્જાતા આજુબાજુના ગ્રામજનો દોડી આવેલા હતા. બસના ડ્રાઈવર અને કારના ડ્રાઈવર બંનેનો ગંભીર ઈજાઓ અને બંનેના ૧૦૮ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલા હતા. પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી.

# બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન મહીસાગર દ્વારા ONE GP ONE BC તાલીમના સમાપન સમારોહ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,
બેંક ઓફ બરોડા દ્વારા પ્રાયોજીત ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન, (આર–સેટી) મહીસાગર દ્વારા જીલ્લાના છ તાલુંકાઓ માથી આવેલ ૨૨ તાલીમાર્થી બહેનોને આત્મનિર્ભર થવા માટે છ દિવસની નિઃશુલ્ક ONE GP ONE BC (BANK MITRA)ની તાલીમનો આજરોજ સમાપન સમારોહ કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી તરફથી બહેનોને Business Correspondent"u કામગીરી માટે માર્ગદર્શન આપ્યું અને બાયોમેટ્રિક મશીન સાથે સર્ટિફિકેટ વિતરણ કરીને પોતાના પગપર ઉભા રહીને આત્મનિરભર કઈ રીતે બને એ માટે વિશેષ માર્ગદર્શન આપીને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું અને વધુમાં સંસ્થામાં હાલમાં ચાલતી Computerized Accountingની ૩૪ તાલીમાર્થી બહેનોની મુલાકાત લઈ માર્ગદર્શન પૂરૂં પાડ્યું.

જેમાં જીલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલ (I.A.S), નાયબ જીલ્લા વિકાસ અધિકારી સી.ડી. ભગોરા, જીલ્લા આજીવિકા પ્રબંધક હરિશ્ચંદ્ર રાઠોડ અને સંસ્થાના નિયામક વિશાલ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આજ.......

મેષ : આજે તમારા માટે શુભ દિવસ છે અને આજે તમારા અટકેલા પૈસા ફરી મળી શકે છે. પ્રતિષ્ઠા અને સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેતો છે અને નસીબ પણ તમને ટેકો આપે છે. વ્યવસાયના ક્ષેત્રમાં નવા સાથીદારો મળી શકશે અને તેમની સાથે તમે તમારા વ્યવસાયને આગળ વધારવા માટેની યોજના બનાવી શકો છો.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને ક્યાંકથી મોટી રકમની અપેક્ષા છે. અચાનક મોટી રકમની આવકને કારણે ભંડોળમાં વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે અને તમે આજે કોઈ કામમાં ફસાઈ જશો. આજે કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં ખર્ચ કરવામાં આવશે. આજે દુનિયાને જોવાનો તમારો દ્રષ્ટિકોણ બદલાઈ શકે છે.

કર્ક : આજે તમારી રાશિના ગ્રહોના વિશેષ યોગ તમને દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરશે. આજે તમારી પ્રતિષ્ઠા વધશે અને તમારી લોકપ્રિયતા પણ વધશે. વિરોધીઓને પરાજિત કરવામાં આવશે અને દુશ્મનોના ઈરાદાને નિષ્ફળ કરવામાં આવશે. સફળતાની પ્રાપ્તિથી આનંદ થશે અને મન પ્રસન્ન રહેશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત બની શકે છે. નોકરી હોય કે ધંધો આજે તમારે બંને માટે દોડવું પડી શકે છે. આજે બપોર સુધીમાં જો તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને યોગ્ય રીતે પૂરા કરો તે યોગ્ય રહેશે.

કન્યા : આજે તમારો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે અને તમે જૂના બગડેલા કામને સુધારવાનો પ્રયત્ન કરશો. કોઈ નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે અને આજે તમને તમારા કેટલાંક વિચારેલા કામ કરવામાં આનંદ થશે.

તુલા : આજનો દિવસ તમારા માટે ખૂબ વ્યસ્ત રહેશે. આજે ભાગદોડ રહેશે. તમારે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે, તમારું સ્વાસ્થ્ય પણ નરમ રહેશે. સાંજે મહેમાનો થોડા સમય માટે આવી શકે છે.

વૃશ્ચિક : આજે તમને સફળતા મળશે. આજે તમારી ઈચ્છા પૂર્ણ થશે અને તમને સફળતા મળશે. શુભ કાર્યો સ્થાનિક સ્તરે પણ ગોઠવી શકાય છે. ધાર્મિક કાર્યમાં રુચિ વધશે અને નજીકની મુસાફરી શક્ય છે.

ધન : આજે તમારો દિવસ કેટલાક મામલે પ્રતિકૂળ હોઈ શકે છે. આજે તમને ક્યાંકથી સારો નફો મળી શકે છે પરંતુ તમારા ખર્ચ પણ ક્યાંક વધી શકે છે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે અને ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. કેટલાક એવા કામ કરવાના પ્રયત્ન કરશો જે ઘણાં સમયથી અટકી પડ્યા છે.

મકર : આજનો દિવસ તમારા માટે આનંદદાયક અને શુભ છે અને તમારી ખુશીમાં વધારો થશે. આજે તમે તમારા માટે સમય આપશો અને તમને ગમતી વસ્તુઓ કરવા માટે સમર્થ હશો. નજીકના મિત્રની સલાહ અને સહકારથી તમે તમારું ખરાબ કામ યોગ્ય રીતે કરી શકશો અને તેમનાથી લાભ મેળવી શકશો.

કુંભ : આજનો દિવસ શુભ દિવસ છે અને ભાગ્યની મદદથી તમને તે બધું મળશે જેનો તમે વિચાર કરી રહ્યા હતા. કાર્યસ્થળમાં સ્થળાંતર થવાની સંભાવનાઓ છે જે ભવિષ્યમાં તમારા માટે ભાગ્યશાળી સાબિત થશે. ઓફિસના લોકો તમારી વાતથી ખુશ અને પ્રભાવિત થશે.

મીન : આજે તમારો દિવસ દાનમાં વિતાવશો. તમારે સંવેદનશીલતાથી તમારી જાતની સંભાળ લેવી પડશે. તમે આજે જે લોકોની મદદ કરી રહ્યા છો, ભવિષ્યમાં ક્યાંક આ લોકો કામમાં આવશે. નોકરી કે કાર્યક્ષેત્રમાં મૌન રહેવું આજે લાભકારક રહેશે. દલીલો અને તકરાર ટાળો.

# સૂર્ય નમસ્કાર જીલ્લા કક્ષાની સ્પર્ધા કિશાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે યોજાશે



મહીસાગર,
ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર તથા ગુજરાત રાજય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા આયોજીત જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી મહીસાગર સંચાલિત સૂર્ય નમસ્કાર સ્પર્ધા સમગ્ર મહીસાગર જીલ્લામાં તા.૧૯/૧૨/૨૦૨૩ નારોજ તમામ શાળાઓમાં યોજાઈ ગઈ. જેમાં ૯ વર્ષથી ૧૮ વર્ષ, ૧૯ વર્ષથી ૪૦ વર્ષ તેમજ ૪૧ વર્ષથી ઉપરના સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સૂર્ય નમસ્કાર તાલુકા કક્ષાની સ્પર્ધાના લુણાવાડા તાલુકામાં મહાત્મા ગાંધી વિદ્યા મંદિર મલેકપુર, બાલાશિનોર તાલુકામાં એલ.કે.આર. હાઈસ્કુલ જેઠોલી, સંતરામપુર તાલુકામાં શારદા વિદ્યાલય કાળીબેલ, કડાણા તાલુકામાં ઈ.એમ. આર.એસ. કડાણા, ખાનપુર તાલુકામાં ડી.વી.પટેલ હાઈસ્કુલ બોરવાઈ, વિરપુર તાલુકામાં દેસાઈ સી.એમ.હાઈસ્કૂલ વિરપુરમાં તા.૨૩/૧૨/૨૦૨૩ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે યોજાશે.

સૂર્ય નમસ્કાર નગરપાલિકાકક્ષાની સ્પર્ધા લુણાવાડા નગરપાલિકામાં પંચશીલ ગર્લ્સ હાઈસ્કુલ, સંતરામપુર નગરપાલિકામાં જે.એચ.મહેતા હાઈસ્કૂલ, બાલાશિનોર નગરપાલિકામાં શેઠ ઓચ્છવલાલ હાઈસ્કુલમાં ૨૩/૧૨/૨૦૨૩ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે યોજાશે અને સૂર્ય નમસ્કાર જીલ્લા કક્ષાની સ્પર્ધા કિશાન માધ્યમિક વિદ્યાલય લુણાવાડા ખાતે તા. ૨૬/૧૨/૨૦૨૩ નારોજ સવારે ૦૯:૦૦ કલાકે યોજાશે.

# સંતરામપુર તાલુકાના બટકવાડા ગામે કુકિંગ કોમ્પિટિશનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના બટકવાડા ગામે પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના હેઠળ જાડા ધન બાજરાની વાનગીઓની સ્પર્ધા યોજવામાં આવેલી હતી. જેમાં મધ્યાન ભોજનના રસોઈઓ દ્વારા આ આ સ્પર્ધા રાખવામાં આવેલી હતી. જેમાં ૧૫ જેટલા રસોઈયો બાજરા માંથી અલગ અલગ વાનગીઓ બનાવેલી હતી. બાજરાના રોટલા ભજીયા વિવિધ પ્રકારની વાનગીઓ બનાવીને તૈયાર કરીને સ્ટોલ ઉભા કરવામાં આવેલા હતા. તેના સંતરામપુર મામલતદાર દ્વારા અને અન્ય અધિકારી દ્વારા એક, બે ને ત્રણ નંબર મેળવનાર પુરસ્કાર પર આપવામાં આવેલો હતો. આ કાર્યક્રમમાં મધ્યાહન ભોજનના સંચાલકો, અધિકારીઓ, મામલતદાર, ગ્રામજનો હાજર રહ્યા હતા.


Helps faundation અને કડવા પાટીદાર મહિલા પરિવાર ટ્રસ્ટના સહયોગ અને મદદથી આજે મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના કુરેટા અને કુરેટા વર્ગ–૨ શાળાના તમામ ૩૦૦ ભુલકાંઓને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું. જેમાં helps faunation માંથી દિપકભાઈ આઈ. પરમાર (પે સેન્ટર આચાર્ય કુમાર શાળા નં–૧, વિરમગામ) વિનોદભાઈ રાઠોડ (અનમોલ સ્પેશિયલ સ્કૂલ આચાર્ય બરોડા), મનોજભાઈ ડામોર (માજી તાલુકા સદસ્ય), રાહુલભાઈ ડી. પરમાર (તતફ) અને બંને શાળાના સ્ટાફ પરિવાર અને ભૂલકાઓ દ્વારા બંને ટ્રસ્ટનો સહૃદય આભાર વ્યક્ત કર્યો.

# રાજયકક્ષાના ગૃહમંત્રીના હસ્તે રાજ્ય અનામત પોલીસ દળના અનેક પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવશે



નડીયાદ,
તા. ૨૧–૧૨–૨૦૨૩ના રોજ ખેડા જિલ્લામાં નડિયાદ ખાતે રાજ્યકક્ષાના ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે રાજ્ય અનામત પોલીસ દળના અનેક પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવશે. રાજ્ય અનામત પોલીસ દળના સમારોહમાં ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે રાજ્ય અનામત પોલીસ દળના બિલ્ડીંગ બી કેટેગરી – ૨૮૦ મકાનો, ડિસ્પેન્સરી એમ ટી વિભાગ, જીમ્નેશિયમ, શોપિંગ સેન્ટર, કંપની ઓફિસો, તેમજ બેન્ડ ઓફિસનું લોકાર્પણ મંત્રીના હસ્તે કરવામાં આવશે. આ લોકાર્પણ કાર્યક્રમ એસ.આર.પી ગ્રાઉન્ડ ખાતે બપોરે ૨:૪૫ વાગ્યે યોજાશે. જેમાં રાજ્ય અનામત પોલીસ દળના સેનાપતિ અતુલ કુમાર બંસલ, નાયબ પોલીસ મહાનિરીક્ષક વિશાલકુમાર વાઘેલા, જિલ્લા કલેકટર કે.એલ. બચાણી, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ અગ્રવાલ, જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા, પ્રાંત અધિકારી નડિયાદ કે.એસ.સુવેરા અને જિલ્લાના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં રાજ્ય અનામત પોલીસ દળના જવાનો ઉપસ્થિત રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં ત્રણ અલગ-અલગ પ્રોહિબીશન રેઈડમાં ૧.૮૩ લાખના ઈંગ્લીશ દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા : ૭ ઈસમો નાશી જવામાં સફળ

દાહોદ,

દાહોદ જીલ્લામાં પોલીસે ત્રણ અલગ અલગ જગ્યાએ પ્રોહીની ત્રણ રેડો દરમ્યાન કુલ રૂા.૧,૯૩,૮૨૪ના પ્રોહી જથ્થા સાથે બે ફોર વ્હીલર ગાડી કબજે કર્યાનું જ્યારે પોલીસની રેડ દરમ્યાન ત્રણ બનાવમાં બે ઈસમોને પોલીસે પકડી પાડ્યાંનું જ્યારે સાત ઈસમો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ટાંડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૯મી ડિસેમ્બરના રોજ કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે ટાંડા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર પસાર થતાં પોલીસ સાબદી બની હતી. ત્યારે દુરથી પોલીસને જોઈ ગાડીમાં સવાર ગાડીના ચાલક સહિત બે ઈસમો ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસે બંન્નેનો પીછો કરી ખુશાલભાઈ દિનેશભાઈ પવાર (રહે. મધ્યપ્રદેશ) નાને ફોર વ્હીલર ગાડી સાથે ઝડપી પાડ્યો હતો. જ્યારે તેની સાથેનો કાલી બરજોડ (રહે. મદયપ્રદેશ) નો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ બીયરની કુલ બોટલો નંગ.૩૩૬ કિંમત રૂા.૪૭,૫૨૦ના જથ્થા સાથે પોલીસે ફોર વ્હીલર ગાડી મળી કુલ રૂા.૩,૪૭,૫૨૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના પંચેલા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૯મી ડિસેમ્બરના રોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે પંચેલા ગામે રેલ ફળિયામાં રહેતો કમલેશભાઈ કાન્તીભાઈ પટેલના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસે કમલેશભાઈને ઝડપી પાડ્યો હતો. જ્યારે તેની સાથેના મનોજભાઈ છત્રસિંહ બારીયા (રહે.રણધીકપુર, તા.સીંગવડ, જી.દાહોદ), અરવિંદભાઈ બાબુભાઈ પટેલ (રહે. પીપલોદ, ફાટક બાર, તા.દેવગઢ બારીઆ, જી.દાહોદ), વિપુલભાઈ નરપતભાઈ ડામોર (રહે. તોયણી, તા.દેવગઢ બારીઆ, જી.દાહોદ), મિથુનભાઈ મોતીસીંહ લબાના (રહે. મોટી બાંડીબાર, તા. લીમખેડા, જી.દાહોદ) અને જવસીંગભાઈ સોમાભાઈ પટેલ (રહે. નાની બાંડીબાર, તા. લીમખેડા, જી.દાહોદ) નાઓ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ બીયરની કુલ બોટલો નંગ.૭૬૨ કિંમત રૂા.૯૦,૧૪૪ નો પ્રોહી જથ્થો કબજે કરી આ સંબંધે દાહોદ એલ.સી.બી. પોલીસે પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહીનો ત્રીજો બનાવ ગરબાડા તાલુકાના માતવા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૦મી ડિસેમ્બરના રોજ દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે માતવા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસે તેને ઉભી રાખવાનો પ્રયાસ કરતાં ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ઉભી ન રાખી ભગાવી હતી, તે સમયે પોલીસે તેનો પીછો કરતાં ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૪૩૨ કિંમત રૂા.૫૬,૧૬૦ ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી કુલ રૂા.૩,૫૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે દાહોદ એલ.સી.બી. પોલીસે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુર તાલુકાના તરમકાચ ખાતે વિકસિત ભારતના સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના તરમકાચ ગામ ખાતે સ્થાનિક આગેવાનો અને પદાધિકારીઓની અદયક્ષતામાં વિકસિત ભારતના સંકલ્પ કાર્યક્રમ યોજાયો હતો. મહાનુભાવો અને ગ્રામજનો એ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉત્સાહભેર વધામણા કરીને સ્વાગત કર્યું હતું.




આ પ્રસંગે સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી ગામલોકો દ્વારા વિકસિત ભારતની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. સરકારની વિવિધ યોજનાના સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાઓના પાત્રતા ધરાવતા લાભાર્થીઓને લાભ અપાયા તેમજ વિવિધ કચેરીઓ દ્વારા પ્રદર્શન સ્ટોલ અને કેમ્પ પણ રાખવામાં આવ્યા હતા. તેમજ મહાનુભાવો દ્વારા વિવિધ પ્રમાણપત્ર અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંગે વડાપ્રધાનનો સંદેશ, સંકલ્પ વિડિયો, વિકાસ યાત્રાની ફિલ્મ સહિત વિવિધ યોજનાઓની ફિલ્મનું પણ આ પ્રસંગે નિદર્શન કરવામાં આવ્યું હતું. યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ આ પ્રસંગે વ્યક્ત કર્યા હતા. આ તકે ગામના અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જિલ્લા SPCAના મેમ્બર દ્વારા વીજળીના થાંભલા પરથી કબુતરનો જીવ બચાવ્યો


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા મામલતદાર કચેરી નજીક આવેલ મધ્ય ગુજરાત વિદ્યુત બોર્ડના થાંભલા પર કબુતર ફસાઈ ગયેલના સમાચાર ગુજરાત સ્ટેટ એનિમલ વેલ્ફેર બોર્ડ ગાંધીનગર દાહોદ જિલ્લા એસપીસીએના સભ્ય શબ્બીરભાઈ સુનેલવાલાને જાણ થતાં તાત્કાલિક સ્થળ પર દોરી આવી જીઈબીમાં જાણ કરતાં જીઈબી ઈજનેર ફતેપુરા સિંગ સાહેબ તેમજ હેલ્પર અને ખાનગી હેલ્પર ભરતભાઈ બામણીયા સ્થળ પર દોડી આવી થાંભલા પર ચડી કબૂતરને બચાવી લીધેલ ઘાયલ થયેલા કબુતરને શબ્બીરભાઈ સુનેલવાલા અને હેલ્પર પશુ દવાખાને ફતેપુરા લઈ જઈ સારવાર કરાવી હતી. આમ સમય સૂચકતાના પગલે મૂંગા પક્ષીનો જીવ બચાવવામાં આવ્યો હતો. યાદ રાખવા જેવી બાબત એ છે કે, ચાઈનીઝ દોરા પ્રતિબંધ છે. ત્યારે આ મૂંગા કબુતર પક્ષીના પગમાં પતંગનો ચાઈનીઝ દોરા વિટેલાયેલો હતો અને આ ચાઈનીઝ દોરા લીધે પગમાં જખમ ખૂબ જ ઊંડા થઈ ગયા હતા.

# દાહોદ જનતા ચોક પાસે જુગાર રમતા ૪ જુગારીયાને પોલીસે ઝડપ્યા

દાહોદ,

દાહોદ શહેરમાં જાહેરમાં પાના પત્તા વડે પૈસા વડે હારજીતનો જુગાર રમતાં ચાર જુગારીઓને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી રોકડા રૂપીયા૧૯,૦૭૦ તેમજ મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૨૭,૫૭૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૯મી ડિસેમ્બરના રોજ દાહોદ ટાઉન પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ શહેરના જનતા ચોક ખાતે જાહેરમાં પાના પત્તા વડે પૈસાથી રમાતા જુગારના અડ્ડા પર ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે જુગાર રમી રહેલા રહીમશા મહમ્મદશાહ દિવાન, સુનિલભાઈ કનુભાઈ કાવડીયા, મુજફરખાન મુજાદખાન પઠાણ અને યુસુફભાઈ રસુલભાઈ ભુંગાને ઝડપી પાડી તેઓની અંગ ઝડતી અને દાવ પરથી રોકડા રૂપીયા ૧૯૦૭૦ તેમજ ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨૭,૫૭૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે દાહોદ ટાઉન પોલીસે જુગાર ધારાની કલમ મુજબનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં ઈ-શ્રમ કાર્ડ ધરાવનાર નાગરિકો પાસે જો રેશનકાર્ડ ન હોય તો તેઓએ નજીકની મામલતદાર કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે

દાહોદ,

ભારત સરકાર દ્વારા અસંગઠિત શ્રમયોગી સુરક્ષા અધિનિયમ અંતર્ગત શ્રમયોગીઓની નોંધણી કરીને તેઓને ઈ–શ્રમ કાર્ડ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. જે અંતર્ગત તેઓને રેશનકાર્ડ આપવાની જોગવાઈ થયેલ છે. જેથી સમગ્ર દાહોદ જીલ્લામાં ઈ–શ્રમ કાર્ડ ધરાવનાર નાગરિકો પાસે જો રેશનકાર્ડ ન હોય તો તેઓએ નજીકની મામલતદાર કચેરીનો સત્વરે સંપર્ક કરવા જણાવવામાં આવે છે. વધુમાં જીલ્લાની તમામ મામલતદાર કચેરીઓ દ્વારા ઈ–શ્રમ કાર્ડધારકોને સામેથી સંપર્ક કરીને માહિતી મેળવવામાં આવી રહી છે. જે ઈ–શ્રમ કાર્ડધારકો પાસે હાલ રેશનકાર્ડ ઉપલબ્ધ છે તેઓએ પણ નજીકની મામલતદાર કચેરીની પુરવઠા શાખામાં તેઓના રેશનકાર્ડમાં એન.એફ.એસ.એ.નો લાભ મેળવવા અરજી કરી શકે.

# સરકારી બસમાં અપ ડાઉન કરતાં લાખો વિદ્યાર્થીઓના હિતમાં "બસ પાસ" કઢાવવા, રીન્યુ કરાવવાની હાલની પ્રક્રિયામાં સરળતા લાવવા માટે મુખ્યમંત્રીને દિનેશ બારીઆ દ્વારા રજૂઆત

ગોધરા,

પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ દિનેશભાઈ બારીઆએ આજે ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ માટે અવાજ ઉઠાવ્યો છે અને સરકારમાં તથ્યો અને વાસ્તવિકતા સાથે રજૂઆત કરી છે. આ રજૂઆત ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને ઇ મેઇલ દ્વારા કરવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, ગુજરાતમાં શાળા અને કોલેજોમાં અભ્યાસ કરતાં લાખો વિદ્યાર્થીઓ સરકારી બસમાં અપ ડાઉન કરે છે અને શિક્ષણ મેળવી રહ્યા છે. આ અપ ડાઉન કરતાં તમામ વિદ્યાર્થીઓને જે તે બસ ડેપોમાંથી બસ પાસ કઢાવવાની તથા સમયાતરે રીન્યુ કરવાની જરૂર પડે છે અને લાખો વિદ્યાર્થીઓનો સમય, દિવસો વેડફાઇ છે અને આ દરમિયાન શૈક્ષણિક કાર્યથી પણ દુર રહેવું પડે છે તેના ઉકેલ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે, On Line બસ પાસ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવે, પ્રક્રિયા સરળ બનાવવામાં આવે અને લાખો વિદ્યાર્થીઓના લાખો કલાક વેડફાતા બચાવવા માટે સરકાર દ્વારા ઉકેલ લાવવામાં આવે તે બાબતની રજૂઆત કરવામાં આવી છે. અપ ડાઉન કરતા વિદ્યાર્થીઓ જે તે એસટી બસ ડેપોમાં બસ પાસ કઢાવવા લાંબી



લાઇનમાં આખો દિવસ ઉભા રહેતા જોવા મળે છે. ક્યારેક વિજળી ના હોવાના કારણે, ટેકનીકલ ખામીના કારણે કે પછી જે તે કર્મચારીની ગેરહાજરીના કારણે બસ પાસ કઢાવવા માટે બીજો ત્રીજો દિવસ પણ થઈ જાય છે. લાંબી લાઇનમાં આખો દિવસ ઉભા રહેવું, કોઈ કારણસર બે ત્રણ દિવસ સુધી પાસ કઢાવવા માટે વિલંબ થવો જેવા અનેક કારણોસર લાખો વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્યના દિવસોમાં ગેરહાજર રહે છે અને જેના કારણે શૈક્ષણિક અભ્યાસક્રમમાં નુકસાન થાય છે. ગુજરાતમાં લાખો વિદ્યાર્થીઓના લાખો કલાક બરબાદ થાય છે. અન્ય બીજા કારણો ઉપર નજર કરીએ તો ખાસ કરીને છોકરીઓ સાથે આવા સમયે શારીરિક છેડછાડ જેવા બનાવો પણ બનવાની શક્યતાઓ નકારી શકાતી નથી. આવા અનેક કારણો વિદ્યાર્થીઓને નુકસાન કરનારા દેખાય છે ત્યારે, સરકારે લાખો વિદ્યાર્થીઓના હિતમાં, શૈક્ષણિક કાર્યમાં નુકસાન ના થાય એ માટે તથા છોકરીઓની સુરક્ષા અને સલામતી માટે "બસ પાસ" કઢાવવાની હાલની પ્રક્રિયામાં ફેરફાર કરવો જોઈએ.

આમ પણ સરકાર "No Line, On Line" ની સૈદ્ધાંતિક વાતો કરી ડીજીટલ સિસ્ટમને વેગ આપી રહી છે જે આવકાર્ય છે અને આજના સમયમાં જરૂરી પણ છે પણ ક્યાંક હજું વ્યવહારમાં જોવા મળતું નથી. આજે પણ કેટલીક જગ્યાએ "Only Line" સિસ્ટમ જોવા મળે છે તેમાં સુધારો કરવાની તાત્કાલિક જરૂર જણાય છે.

જે વિદ્યાર્થીઓ શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ અને ટેકનોલોજીનો પ્રચાર પ્રસાર, મહત્વ અને જરૂરીયાત વિશે અભ્યાસ કરી રહ્યા છે તેમને જ જો આધુનિક સિસ્ટમ સાથે જોડવામાં નહીં આવે, એમને જ જો વ્યવસ્થા આપવામાં નહીં આવે તો, ખેડૂતો, નાના વેપારીઓ, સામાન્ય નાગરિકો ને ટેકનોલોજી સાથે કેવી રીતે જોડી શકીશું ?? આ સવાલ છે.

તેથી, જે વિદ્યાર્થીઓ સરકારી બસમાં અપ ડાઉન કરીને શિક્ષણ મેળવી રહ્યા છે તેઓ માટે (૧) જે તે શૈક્ષણિક સંસ્થાઓ, શાળા–કોલેજમાં જ "બસ પાસ" કાઢી આપવા, રીન્યુ કરાવાની વ્યવસ્થા કરવામાં આવે અથવા (૨) મોબાઈલ તથા ટેકનોલોજી ના જમાનામાં કોઈ એપ બનાવવામાં આવે કે જેના માધ્યમથી વિદ્યાર્થીઓ જાતે પ્રોસેસ કરીને "બસ પાસ" કાઢી શકે. અથવા (૩) બસ કંડકટરને એવા સોફ્ટવેર સાથેનું ઉપકરણ આપવામાં આવે કે જેમાં અપ ડાઉન કરતાં તમામ વિદ્યાર્થીઓનો ડેટા હોય જેનાથી જાણી શકાય અને સરળ વ્યવસ્થા કરી શકાય. એવી રજૂઆત કરવામાં આવી છે.



દાહોદ જીલ્લાની ઉચ્ચતર ઉત્તર બુનિયાદી શાળા નગરાળા શાળાના વિદ્યાર્થઓનું પ્રતિષ્ઠીત સમાચારપત્ર દિવ્ય ભાસ્કર દ્વારા સન્માન યોજાયું. જેમાં ધો-૧૦ અને ૧૨ વર્ષ ૨૦૨૩ના બોર્ડ પરીક્ષામાં સારૂં પરિણામ લાવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યાં. જેમાં શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ગોપાલભાઈ ધાનકા, સાંસદ જસવંત ભાભોર, દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, નગર પાલીકા પ્રમુખ ગોપી દેસાઈ મહાનુંભવો ઉપસ્થિત રહી વિદ્યાર્થઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી.

# દે.બારીયા શહેરની ઐતિહાસીક સબ જેલની તુટેલી કંપાઉન્ડ વોલ કયારે રીપેર કરાશે ???


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરની સબ જેલ પણ સ્ટેટ રજવાડી સમય દરમિયાનની છે. આ જેલ માંથી કેદી ભાગી જાય તે શકય પણ નથી. તેમ છતાં આ જેલ માંથી થોડા વર્ષો અગાઉ કેદી ભાગી જવામાં સફળ થયા હતા. તે કેવી રીતે પરંતુ ગયા ચોમાસાના અંતમાં જે વાવાઝોડું ત્રાટક્યું હતું. તેમાં દે.બારીયાની ઐતિહાસીક સબ જેલની દિવાલ પણ ધરાશાહી થઈ હતી. જે આ કંપાઉન્ડ દિવાલ છ માસ થયા છે તો પણ તેનું સમારકાર્ય હાથ ધર્યું નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા સબ જેલની કંપાઉન્ડ દિવાલ ચોમાસામાં વાવાઝોડાના કારણે ધરાશાહિ થવા પામી હતી. આ સબ જેલની તુટેલી વોલ તરફ જેલરનું ધ્યાન કેન્દ્રીત થયું નહિ હોય તે વાત ગળે ઉતરતી નથી. દરરોજ જેલર કેદીઓની હાજરી તેમજ કેટલા પાકા અને કાચા કેદીઓ છે તે અંગેની માહિતી મેળવવા આવતો હશે તો આ કંપાઉન્ડની તુટેલી છે. તેનો રિપોર્ટ મોકલવામાં નહિ આવ્યો હોય સુરક્ષાની જવાબદારી કોની બને છે. લાપરવાહીના લીધે આ જેલ માંથી અગાઉ કેદીઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા. જેથી અગાઉ કેદીઓ ભાગી ગયા હતા. તેને જોઈ જેલની સુરક્ષામાં કોઈપણ ખામીને દુર કરવામાં હિતાવહ છે. ઘોડા છુટી ગયા બાદ તબેલામાં તાળા મારવા આ કહેવત સાર્થક થાય તે પહેલા આ તુટેલી કંપાઉન્ડ વોલનું સમારકાર્ય હાથ ધરાશે ? ખરું.

# વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ પંચમહાલના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રવૃતિઓ કરશે

ગોધરા,

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર ખાતે સ્થાપિત કરવામાં આવ્યું છે. જેના દ્વારા પંચમહાલ જિલ્લામાં લોક વિજ્ઞાન કેન્દ્ર, ગોધરા કાર્યરત છે.આગામી સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ના પ્રચાર –પ્રસાર માટે પંચમહાલ જિલ્લાના ખૂણે –ખૂણે કામગીરી કરવામાં આવનાર છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે એક બેઠક યોજવામાં આવી હતી. જે બેઠકમાં પંચમહાલ જિલ્લામાં થયેલ વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેની પ્રવૃતિઓનો ચિતાર મેળવવામાં આવ્યો હતો.આ બેઠકમાં પંચમહાલ જિલ્લામાં ઉદભવતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર સુધી વિદ્યાર્થી, શિક્ષકો, મહિલાઓ તથા ખેડૂતોને વિજ્ઞાન વિષયક પ્રવૃતિઓનો લાભ મળે તે માટે ડો.અનામિક શાહ દ્વારા ખાસ સૂચનો કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ગુજરાત સરકારના ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના વડા વિજય પટેલે વિદ્યાર્થી અને શિક્ષકો સુધી વિજ્ઞાનને પહોચાડવા માટે સહયોગ કરવાની ખાતરી આપી હતી. આ સાથે ગુજકોસ્ટ, ગાંધીનગર સલાહકાર ડો.નરોતમ સાહુ દ્વારા પણ મહત્વની સલાહ આપવામાં આવી હતી. પંચમહાલ જિલ્લામાં થઇ રહેલ વિજ્ઞાન અને ટેકનોલોજીની બાબતો અંગે લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરાના મેનેજર અવિનાશ મિસ્ત્રી એ સંપૂર્ણ માહિતી આપી હતી. આગામી સમયમાં જિલ્લાની તમામ શાળાઓ તથા તમામ ગામો સુધી લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અનેક વિધ પ્રવૃતિઓ કરાવામાં આવનાર છે.લોક વિજ્ઞાન કેન્દ્રના પ્રમુખ કલેકટર આશિષ કુમાર તથા કાર્યકારી પ્રમુખ ડો.સુજાત વલી ના માર્ગદર્શન હેઠળ તમામ કામગીરી થનાર છે.

# ગોધરા કોઠી સ્ટીલ સ્ક્રેપ ગોડાઉનમાં મોડી રાત્રે આગ લાગતાં ફાયર બ્રિગેડએ આગ ઉપર કાબુ મેળવ્યો

ગોધરા,

ગોધરાના વેજલપુર રોડ ઉપર આવેલ કોઠી સ્ટીલના સ્ક્રેપના ગોડાઉનમાં મોડી રાત્રે આકસ્મિક રીતે આગ લાગતાં પાલિકા ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર ફાયટરો દ્વારા આગ ઉપર કાબુ મેળવ્યો હતો. સદ્દનસીબે જાનહાનિ થવા પામી ન હતી. આગને લઈ સ્ક્રેપનો સામાન બળી જતાં ભારે નુકશાન થવા પામ્યું. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાના વેજલપુર રોડ ઉપર આવેલ કોઠી સ્ટીલ કંપનીમાં આવેલ સ્ક્રેપના ગોડાઉનમાં મોડી રાત્રે આકસ્મિક રીતે આગ લાગવાની ઘટના બની હતી. સ્ક્રેપ ગોડાઉનમાં લાગેલ આગ ભભુકતા ગોધરા પાલિકા ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર બ્રિગેડના જવાનોએ ભારે પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગના કારણે સ્ક્રેપમાં ગોડાઉનનો સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો. સ્ક્રેપ ગોડાઉનમાં લાગેલ આગમાં લાખોનું નુકશાન થવા પામ્યું હતું. સદ્દનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

# ગોધરાના હમીરપુર રોડ ઉપર માલિકના ખેતર માંથી ૨૦ જેટલા ઝાડો કાપી ચોરી કરવાની કોશીષ દરમિયાન માલિક આવી જતાં આરોપી ફરાર

ગોધરા,

ગોધરાના હમીરપુર રોડ ઉપર આવેલ માલિકીના ખેતર માંથી પંચરાઉ ઝાડવા ૨૦ થી ૨૧ નંગ કાપી ચોરી કરવાની કોશીષમાં હતા. દરમિયાન ખેતર માલિક આવી જતાં આરોપી કાપેલ ઝાડો ખેતરમાં મુકી નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા પશ્ચિમ વિસ્તારમાં હમીરપુર રોડ ઉપર અબ્દુલ્લા અબ્દુલ ગફફાર બકકરની માલિકીના ખેતરમાં આવેલ પંચરાઉ ઝાડવા નંગ ૨૦ થી ૨૧ હોય આ ઝાડવાને તા.૧૬ ડીસેમ્બરના રોજ આરોપી સનોવર અનવર બકકર (રહે. સાતપુલ, ઉર્દુ કુમાર શાળાની સામે, મુસ્લીમ સોસાયટી)એ કાપી નાખી કિંમત ૨૫,૦૦૦/–રૂપીયાના પંચરાઉ લાકડા ચોરી કરવાની કોશીષ કરતા હોય દરમિયાન ફરિયાદ ખેતર માલિક આવી જતાં કાપેલ ઝાડવા ખેતરમાં મુકી નાશી ગયો હતો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

# ગોધરાથી લુણાવાડા હાઈવે બિસ્માર થતાં વાહનચાલકોને હાલાકી

શહેરા,

પંચમહાલમાં આવેલો હાલોલ–શામળાજી હાઈવે માર્ગ સતત ૨૪ કલાક વાહનોથી ધમધમતો રહે છે. આ હાઈવે માર્ગ બન્યાને વર્ષો વિતી ગયા છતાં જે તે વિભાગ દ્વારા માર્ગનુ નવીનીકરણ નહિ કરી માત્ર કહેવા પુરતા જ ખાડા પુરવામાં આવતા હોય છે. જેથી આ માર્ગ કેટલીક જગ્યાએ મસમોટા ખાડાઓ પડી જવાના કારણે આ હાઈવે માર્ગ બિસ્માર બની ગયો છે. ત્યારે ગોધરાથી શહેરા અને શહેરાથી લુણાવાડા તરફના અવર જવર માટે બંને તરફ હાલોલ–શામળાજી હાઈવે પર ઠેર ઠેર મસમોટા ખાડાઓ પડી જવાના કારણે ગોધરાથી લુણાવાડા સુધીનો માર્ગ તદ્દન બિસ્માર હાલત થયેલ હોવા છતાં માર્ગને યોગ્ય રીતે બનાવવામાં નહિ આવતા અહિંથી પસાર થતાં વાહનચાલકોને ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. સાથે જ વાહનચાલકોને અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. તો કેટલીકવાર અકસ્માતના બનાવો બનતા હોય છે. બીજી તરફ આ માર્ગનુ રિકાર્પેટિંગ કરવામાં આવ્યુ હતુ તે પણ માત્ર દેખાવ પુરતુ થયુ હોય તેમ લાગી રહ્યુ છે. ત્યારે આ બાબતે જિલ્લા વહીવટી તંત્રએ ધ્યાન લઈ જે તે વિભાગ દ્વારા બિસ્માર થયેલા હાઈવેને નવીન બનાવવા માટે યોગ્ય કામગીરી કરે તેવી માંગ વાહનચાલકો સહિત આ વિસ્તારના રહિશો કરી રહ્યા છે.

# ગોધરા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં પ્રાથમિક સુવિધાના અભાવને લઈ ABVP દ્વારા આચાર્યને લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના પરિસરમાં શૌચાલય સ્વચ્છતા પીવાના પાણી તેમજ વર્ગોમાં પડતી અગવડતા જેવી પ્રાથમિક સુવિધાઓના નિરાકરણા માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા લેખિત રજુઆત કરાઈ. ગોધરા શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ જેવી જુની શૈક્ષણિક સંસ્થા હોવા છતાં કોલેજ પરિસરમાં પ્રાથમિક સુવિધાના અભાવ જોવા મળી રહ્યો છે. કોલેજ પરિસરમાં શૌચાલય, સ્વચ્છતા, પીવાના પાણી તેમજ વર્ગોમાં પડતી અગવડતા વિદ્યાર્થીઓ વેઠી રહ્યા છે. હાલ કોલેજમાં ૧૫૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ વર્તમાનમાં અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે પ્રાથમિક પીવાના પાણી, શૌચાલય જેવી સુવિધાના અભાવ કોલેજ પ્રસાશન માટે શરમજનક છે. ત્યારે કોલેજમાં પ્રાથમિક સુવિધા ન હોવાને લઈ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગોધરા શાખા દ્વારા કોલેજના પ્રિન્સીપાલને લેખિતમાં રજુઆત કરાઈ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.101

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## જાસુસી કાંડમાં નવો વળાંક

# ખાણ-ખનિજ અને પુરવઠા વિભાગનું જાસુસી કાંડ બાદ હવે વન વિભાગનું પણ પર્દાફાશ થતાં લાકડા માફિયાઓમાં ફફડાટ



ગોધરા,

અગાઉ પંચમહાલ જીલ્લામાં આવેલ ખાણ-ખનિજ અને પુરવઠા સંબંધિત ગુપ્ત ગતિવિધીઓ અને તપાસ જેવી સંવેદનશીલ બાબતો ઉપર નજર રાખીને અધિકારીઓની ટીમ ક્યાં-ક્યાં પહોચી છે તેની રજેરજની માહિતી આપતા જાસુસી કાંડનો પર્દાફાશ થતા પાંચ ઈસમો સામે વેજલપુર પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ વધુ પોલીસ તપાસમાં પાંચ પૈકી બે ઈસમોના મોબાઈલ ચેક કરતા તેઓના મોબાઈલમાં રંગીલું પંચમહાલ અને ફિર હેરા ફેરી જેવા વોટસએપ ગૃપ મારફતે લાકડા માફિયાઓ દ્વારા વન વિભાગની ટીમની જાસુસી કરતાનું ષડયંત્ર ઝડપી પાડીને વધુ એક જાસુસી કાંડ બહાર આવતાં ખળભળાટ મચી ગયો છે.

રાજય સરકારની વખતોવખતની સુચનાઓ તથા જીલ્લાકક્ષાએ મળતી ગંભીર ફરિયાદો બાબતે તાજેતરમાં જાગૃત અને પ્રમાણિક અધિકારીઓ દ્વારા ચોકકસ દિશામાં તપાસ કાર્યવાહી હાથ ધરીને દોષિતો સામે દંડનિય પગલાં ભરવામાં આવી રહ્યા છે. પરંતુ કેટલાક સ્થળોએ પાકી બાતમી હોવા છતાં કેટલીકવાર ઓપરેશન નિષ્ફળ જતાનો તપાસ અધિકારીઓને કડવો અનુભવ થઈ રહ્યો હતો. જેમાં ખાણ-ખનિજ વિભાગ દ્વારા પંચમહાલ જીલ્લાના વિવિધ વિસ્તારોમાં થતી રેતી તથા પથ્થરો સહિતની કિંમતી ખનિજની હેરાફેરી ઉપર ચાંપતી નજર રખાઈ રહ્યો હતો એવી રીતે સસ્તા અનાજના દુકાનદારો દ્વારા સરકારી અનાજને બારોબાર સગેવગે કરવાના કૌભાંડ સંદર્ભે પુરવઠા તંત્ર પણ એટલું જ એકશનમાં આવી રહ્યું હતું. છેલ્લા બે માસથી પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને ગોધરા પ્રાંત અધિકારી દ્વારા પોતાના હાથ ધરવામાં આવેલા ગુપ્ત ઓપરેશન દરમિયાન કયાંકને કયાંક તપાસ સ્થળ બાબતે માહિતી લીકેજ થવી કાં તો જે રૂટ પરથી તપાસ અર્થે આવનજાવન હોવા અંગેની પણ માહિતી જે તે ગેરરીતિ આચરનારા માફિયાઓ સુધી આંખના પલકારામાં માહિતી મળી જતી હતી.અને પોતાનો કાળો કારોબાર છુપાવી દેવા તથા સહિસલામત સ્થળ ઉપર દર્શાવી દેવામાં આવતા તપાસ એળે જતી હતી અને તપાસ ટીમને ફેરો ફોગટ નિવેડતો હતો. આ અંગે બન્ને વિભાગના જાગૃત તપાસ અધિકારીઓ દ્વારા આ જાસુસી કાંડ અંગે ગંધ આવી જતા છેલ્લા કેટલાક દિવસોથી વોચ ગોઠવીને તપાસ ટીમના સભ્યોની જાસુસી કરવા સાથે વાહનોના રૂટ લોકેશન લીક કરનારપાંચ જેટલા ઈસમોને ઝડપી પાડીને વેજલપુર પોલીસ મથકે સોંપવામાં આવ્યા હતા. વેજલપુર પોલીસ દ્વારા તપાસ દરમિયાન વિવિધ વોટસએપ ગૃપ મારફતે સમગ્ર વિસ્તારોમાં લાગતા વળગતાઓને માહિતી લીક કરનાર ૧૮ જેટલા કહેવાતા બાતમીદારો સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. પરંતુ ઝડપાયેલા પાંચ ઈસમો પૈકીના બે ઈસમોના મોબાઈલની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવતાં વેજલપુર પોલીસને ફોરેસ્ટ વિભાગ માટે ચાલતું જાસુસી કાંડ ઝડપી પાડવામાં સફળતા મળી છે. આ ઈસમો દ્વારા રંગીલું પંચમહાલ અને ફિર હેરા ફેરી જેવા વોટસએપ ગૃપ મારફતે સંકળાયેલા લાકડા ચોર ગેંગો તથા લાકડાની ગેરકાયદેસર હેરાફેરી કરનાર વાહન ચાલકોને સંબંધિત અધિકારીઓની આવનજાવન અંગેની ગુપ્ત માહિતી પહોંચાડી દેતા હતા અને ચોકકસ સમય માટે અજાણ્યા રૂટ ઉપર આ ગેરકાયદેસર લાકડાઓના વાહનો દોડાવી દેવામાં આવતા હતા કાંતો થંભાવી દેવામાં આવતા હતા. જેના કારણે તપાસ અધિકારીઓ આવા ગેરકાયદેસર સરકારી લાકડાઓ પકડી પાડી શકતા ન હતા. આમ, અગાઉ ખાણ-ખનિજ અને પુરવઠા વિભાગ બાદ હવે ફોરેસ્ટ વિભાગ માટે ચાલતું લાકડા માફિયાઓનું જાસુસી કાંડનું પર્દાફાશ થતા છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદેસર રીતે ખાનગી બાતમીદારોમાં ખળભળાટ મચી જવા પામ્યું છે.

### હવે તપાસ અધિકારીઓને આકસ્મિક રેઈડ કરવી અનુકુળ બનશે

એવું કહેવાય છે કે, પંચમહાલ જીલ્લામાં ૫-૭ વર્ષથી ખાણ-ખનિજ, પુરવઠા અને ફોરેસ્ટ વિભાગ સાથે સંકળાયેલા માફિયાઓ દ્વારા પોતાના મળતીયાઓ સભ્યોને સાથે રાખીને ગ્રામ્ય વિસ્તારો સુધી વોટસએપ ગૃપ બનાવીને પળપળની માહિતી પહોંચાડી દેતા હતા અને તપાસ અધિકારીઓને આંખમાં ધુળ નાખતા હતા. છેલ્લા કેટલાક સમયથી ત્રાહિત વ્યક્તિઓ દ્વારા ચાલતા વોટસએપ ગૃપ અંગે ભુતકાળના અધિકારીઓને આછી પાતળી માહિતી હોવા છતાં તેઓને પકડવાની હિંમત કરી શકયા ન હતા. પરંતુ જાંબાઝ અધિકારીઓ દ્વારા આવા જાસુસી કાંડ કરતા વોટસએપ ગૃપ અને તેઓના પાંચ જેટલા સંચાલકોને જેલના સળીયા પાછળ ધકેલી દેવાની હિંમત સાથે સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. હવે ફફડાટ વ્યાપેલ રેતી માફિયાઓ, અનાજ માફિયાઓ અને લાકડા માફિયાઓમાં હવે કોઈ ગૃપમાં જણાતા નથી. ત્યારે હવે આવા પ્રમાણિક અધિકારીઓને તપાસ કરવી અને આકસ્મિક રેઈડ પાડવી જેવી ગંભીર કાર્યવાહી કરવામાં ઘણી સફળતા મળશે.

- વોટસએપ ગૃપ દ્વારા રજેરજની માહિતી આપનાર પાંચ સામે પોલીસ કાર્યવાહી બાદ વધુ તપાસમાં નવું જાસુસી કાંડ બહાર આવ્યું.
- વેજલપુર પોલીસની જાસૂસી કાંડમાં કાર્યવાહી.
- ગોધરા પ્રાંત અધિકારી દ્વારા જાસૂસી કરતા એક વ્યકિતનો મોબાઈલ અગાઉ પકડ્યો હતો.
- મોબાઈલ પકડ્યા બાદ વધુ બે ગૃપ મળી આવ્યા હતા.
- ‘‘રંગીલું પંચમહાલ’’ અને ‘‘ફિર હેરા ફેરી’’ એમ બંને ગૃપ એક્ટિવ હતા.
- બંને ગૃપ પંચમહાલમાં લાકડા ચોરી કરતા લોકો પંચમહાલના ફોરેસ્ટ અધિકારીઓનું લોકેશન આપતા હતા.
- મોબાઈલ પકડ્યા બાદ ફોરેસ્ટના અધિકારીઓની જાસુસી કાંડ નીકળ્યું.
- પંચમહાલના અધિકારીઓના જાસુસી કાંડમાં હજી પણ થઈ શકે છે કાર્યવાહી.

# પંચમહોત્સવ ખાતે ક્રાફ્ટ બજાર અને ફુડ માર્કેટના કુલ ૧૦૦ સ્ટોલ ઉભા કરાશે



ગોધરા,

પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકામાં આવેલ ચાંપાનેર-પાવાગઢ ઐતિહાસિક મહત્વ ધરાવતું પ્રવાસન મથક છે. જેને યુનેસ્કો દ્વારા ‘‘વર્લ્ડ હેરિટેજ સાઈટ’’ તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ ઐતિહાસિક પ્રવાસન મથક ખાતે પ્રવાસન વિકાસની રહેલ ભરપૂર શક્યતાઓને જોતા યોગ્ય પ્રચાર પ્રસાર દ્વારા તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધિ મળે તથા તેની આગવી વિશિષ્ટ ઓળખ પ્રવાસીઓને આપી શકાય તથા સ્થાનિક રોજગારીની તકોમાં વધારો લાવી શકાય તે હેતુસર પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા દર વર્ષે પંચમહોત્સવનું આયોજન કરવામાં આવે છે.ચાલુ વર્ષે તારીખ ૨૫ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન પંચમહોત્સવનું આયોજન વડા તળાવ, તાલુકો હાલોલ ખાતે કરાશે. પંચમહાલ જીલ્લા કલેકટર આશિષ કુમારના અધ્યક્ષસ્થાને પ્રાંત કચેરી, હાલોલ ખાતે પંચમહોત્સવના સુચારૂ આયોજનને લઈને એક બેઠક યોજાઇ હતી. જેમાં જીલ્લા કલેકટરએ સબંધિત અધિકારીઓને ટ્રાફિક ડાઈવર્ઝન, પાર્કિંગ, સ્વચ્છતા, સુરક્ષા, વેબસાઈટ, લાઈવ સ્ટ્રીમિંગ, પાણીની વ્યવસ્થા, બસની વ્યવસ્થા, મોબાઈલ ટોઈલેટ, આરોગ્ય, વિવિધ સ્પર્ધાઓ સહિતના મુદ્દાઓ અંગે જરૂરી સૂચનો કરીને સુચારૂ આયોજન કરવા જણાવ્યું હતું. પંચમહોત્સવ ખાતે ક્રાફ્ટ બજાર અને ફૂડ માર્કેટના કુલ ૧૦૦ સ્ટોલ ઉભા કરાશે, જેથી કરીને લોકો લોકલ ચીજ વસ્તુઓને ખરીદી શકે તથા લોકલ વાનગીઓને પણ પ્રોત્સાહન મળી રહે. આ સાથે જાહેર જનતા માટે પંચમહોત્સવના સ્થળે પહોંચવા વિશેષ બસની સુવિધા પણ ઊભી કરવામાં આવશે. મહોત્સવના પ્રચાર-પ્રસાર માટે પંચમહાલ જીલ્લાના ગામડાઓમાં વાન થકી સંદેશો પહોંચાડવામાં આવશે. વિકસિત ભારત યાત્રા અંતર્ગત પણ પ્રચાર-પ્રસાર કરવામાં આવશે. બેઠકમાં પ્રાંત અધિકારી હાલોલ અને ગોધરા સહિત વિવિધ વિભાગોના સબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા પાનમ વર્તુળના અધિકારીઓ અને કર્મચારીઓએ પડતર માંગણીને કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી



ગોધરા,

ગોધરા શહેરની પાનમ યોજના વર્તુળ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પોતાના પડતર પ્રશ્નો મામલે કાળી પટ્ટી ધારણ કરી ફરજ સેવા બજાવી હતી. સરકાર જો તેઓની માંગણીઓ નહિ સ્વીકારે તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે નું એલાન કરવામાં આવ્યું છે અને આગામી સમયમાં જલદ કાર્યક્રમો આપવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે આવેલી પાનમ યોજના વર્તુળ કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર,મદદનીશ ઈજનેર તેમજ કર્મચારીઓ દ્વારા આજ રોજ પોતાના પડતર પ્રશ્નો મામલે કચેરી ખાતે કાળી પટ્ટી ધારણ કરી ફરજ સેવા બજાવી હતી. જેમાં તેઓની માંગણીઓમાં બઢતીના નાયબ કાર્યપાલક ઇજનેરની પ્રવર્તતા યાદીમાં(સીનીયોરીટી)થયેલ અન્યાય સબંધિત ઉદભવેલ પ્રશ્નોના ઉકેલ માટે બઢતીથી અને સીધી ભરતીથી નિમણૂંકની પ્રવર્તતા રેશિયો નક્કી કરવામાં આવે અને તેની ચર્ચા માટેનો સમય ફાળવવામાં આવે.

આજરોજ પાનમ યોજના વર્તુળના નાયબ કાર્યપાલક ઈજનેર તેમજ મદદનીશ ઈજનેર દ્વારા પોતાના પડતર પ્રશ્નો અને માંગણીઓ સંદર્ભે પ્રતીક ઉપવાસ રાખવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૦, ૨૦૦૪, ૨૦૧૨, ૨૦૧૩માં મદદનીશ ઈજનેર તરીકે ભરતી મળ્યા પછી, ના.કા.ઈ સંવર્ગમાં બઢતી સમયસર ના આપી અને ૨૦૧૯ માં સીધી ભરતીથી બિન અનુભવી ઈજનેરોને કાર્યપાલક ઈજનેર સંવર્ગમાં ભઢતી આપવામા આવનાર હોવાની બાબતનો વિરોધ કરવા માટે આજે પપાનમ યોજના વર્તુળ કચેરી,ગોધરા દ્વારા પ્રતીક ઉપવાસ રાખવામાં આવ્યા હતા. પ્રતીક ઉપવાસ ઉપર ઉતરેલા કર્મચારીઓએ વધુમાં જણાવતાં સિંચાઇ વિભાગમાં મોટા જળાશયો તેમજ કેનાલ ઉપર અનુભવ ઈજનેરોની જરૂર હોઈ છે. તેની સામે સરકાર દ્વારા બિન અનુભવી ઈજનેરોને નિયમમાં બે બે વાર છૂટ આપી બઢતી આપવા ની સામે ગાંધીજી ના માર્ગે વિરોધ નોંધવામાં આવેલ છે. ખાસ વાત એ છે કે, સરકાર દ્વારા સમયસર ખાલી જગ્યા ના ભરવાના કારણે તેમજ સમયસર પ્રમોશન ના આપવાના કારણે આજે સિંચાઈ વિભાગમાં અનુભવી અને કર્મનિષ્ટ ઈજનનેરોના ભવિષ્ય પર પ્રશ્નચીન ઉભો થયેલ છે. ત્યારે સરકાર જો તેઓના પ્રશ્નોનો સમયસર ઉકેલ નહિ આવે તો આગામી સમયમાં સરકાર સામે જલદ કાર્યક્રમો આપવાની ચીમકી કર્મચારીઓએ ઉચ્ચારી હતી.

# ગોધરામાં વિદ્યુત સહાયક ભરતી પ્રક્રિયા રદ થવા પર ન્યાય મેળવવા પરીક્ષાર્થીઓ દ્વારા કલેકટરને લેખિત રજૂઆત



ગોધરા,

ગોધરામાં વિદ્યુત સહાયક (ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ) ભરતી પ્રક્રિયા રદ થવા પર ન્યાય મેળવવા માટે પરીક્ષાર્થીઓ દ્વારા પંચમહાલ જિલ્લા કલેક્ટર ને લેખિત રજૂઆત કરી હતી.

ચાલુ વર્ષના ગત મહિનાઓમાં જેટકોના વિવિધ ઝોનમાં વિદ્યુત સહાયક(ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ)ની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં વર્તુળ કચેરીઓમાં પોલ ટેસ્ટ તથા તા.૯.૯.૨૦૨૩નાં રોજ લેખિત પરીક્ષાની યાદી તથા પરિણામ ઓક્ટોબર માસ દરમિયાન જેટકોની વેબસાઈટ મારફતે જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પરીક્ષામાં ઉતીર્ણ થયેલા ઉમેદવારોનુ ડોક્યુમેન્ટ વેરિફિકેશન, મેડિકલ અને પોલીસ વેરીફીકેશન પણ કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તા.૧૯.૧૨.૨૦૨૩નાં રોજ અચાનક જ જેટકોની વેબસાઈટ પરથી મેરીટ લીસ્ટ તથા પરિણામ ડિલીટ કરી ભરતી રદ કરવાની નોટિસ આપવામાં આવી હતી. અમે સર્વ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો આ મામલે આપ સાહેબને જણાવવા માંગીએ છીએ કે ભરતી રદ કરેલી નોટીસમાં જણાવેલ કારણ વ્યાજબી નથી. કારણ કે પોલ ટેસ્ટમાં કોલ લેટરની અંદર જણાવેલ છે કે કોઈપણ ગેરરીતિ કે વાદવિવાદની સ્થળ ઉપર જાણ કરવાની રહેશે. પાછળથી કોઈપણ રજૂઆત ધ્યાન પર લેવામાં આવશે નહિ. છતાં પણ અમુક અસફળ રહેનાર ઉમેદવારો દ્વારા પોલ ટેસ્ટના નિયમોનાં ભંગનુ આવેદનપત્ર અમુક સરકારી કચેરીઓમાં વારંવાર અરજીઓ આપી ભરતી રોકવાની તથા ભરતી ઉપર સ્ટે લાવવાની માંગણી કરી જેટકોની આ મામલે કોઈપણ રજૂઆતનાં સાંભળવાની હોવા છતાં પણ નિયમોનું ભંગ કરી અરજીઓ સ્વીકારી ઉમેદવારોનાં મેડિકલ થઈ ગયેલા હોય તેઓના નિમણુક પત્રો રોકી રાખ્યા છે. ઉમેદવારો દ્વારા વડોદરા કચેરી ખાતે પણ રજૂઆત કરવામાં આવી છે, છતાં પણ ન્યાય મળ્યો નથી.ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવ્યું ત્યાં તેમને સૂચના આપવામાં આવી કે તમારો હાલની ચાલુ નોકરીમાં રાજીનામું આપી PF ઉપાડી લેવું. જેથી પસંદગી પામેલા તમામ ઉમેદવારો બેરોજગાર બન્યા છે. જેના કારણે તેઓની માનસિક અને શારીરિક સ્થિતિ નબળી પડી છે. ત્યારે આ બાબતની ગંભીરતા નહિ લેવાય અને અમારી અરજી આપ્યાના ૪૮ કલાકમાં ન્યાય નહિ મળે તો જો કોઈ ઉમેદવાર અન ઈચ્છનીય પગલું ભરશે તો તેની જવાબદારી જેટકો અને તેના અધિકારીઓની રહેશે. ત્યારે વહેલી તકે આ મામલે કોઈપણ જાતના પક્ષપાત વગર ભરતી પ્રક્રિયાની તપાસ કરી અમને ન્યાય આપવામાં આવે તેવી માંગ પરીક્ષાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી.

# ઘોઘંબાના કંકોડાકોઇ ગામની પ્રસૃતિ બાદ મૃત્યુ થયેલ મહિલાના મૃતદેહને જ્ઞાતિવાદના ભોગ અગ્નિ સંસ્કાર કરવા સ્મશાન નહિ મળતાં ઘર આગળ ખેતરમાં અગ્નિ સંસ્કાર કરવો પડ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કંકોડાકોઇ ગામની મહિલાનું પ્રસૃતિ બાદ મોત નિપજાવા પામ્યું હતું. મૃતદેહને અંતિમક્રિયા માટે વતન લાવવામાં આવ્યો હતો. ત્યારે ગામમાં આવેલ બેન સ્મશાન માંથી એકપણ સ્મશાનમાં અગ્નિ સંસ્કાર કરવા નહિ દેતા પરિવારે ખેતરમાં આવેલા ખુણામાં અંતિમક્રિયા કરવા મજબુર બન્યા જ્ઞાતિવાદ માનવતાને શરમાવતો કિસ્સો સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના કંકોડાકોઈ ગામે રહેતા રામજીભાઇ નાયક તેમની પત્ની સુમિત્રાબેન સહિતના પરિવાર સાથે મજુરી અર્થે અમરેલી જીલ્લાના ધાસા ગામે રહેતા હતા. ત્યારે સુમિત્રાબેન રામજીભાઈ નાયકને પ્રસૃતિની પીડા ઉપડતા તાત્કાલીક અમરેલી જીલ્લામાં આવેલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પ્રસૃતિ દરમિયાન એક બાળકને જન્મ આપ્યો હતો. ત્યારબાદ ૧૨ દિવસ પછી સુમિત્રાબેન નાયકને શ્વાસ લેવામાં તકલીફ પડતા અમરેલીના ધાસા ગામે મોત નિપજાવા પામ્યું હતું. જેથી પરિવારના સભ્યો મૃતક સુમિત્રાબેન નાયકના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે ઘોઘંબાના કંકોડાકોઈ ગામે વતનમાં ૧૪ ડીસેમ્બરના રોજ લાવ્યા હતા. સતત બે દિવસ સુધી સુમિત્રાબેનના મૃતદેહને ઘરમાં રાખવા મજબુર બન્યો હતો. ગ્રામજનો દ્વારા સ્મશાનમાં અગ્નિ સંસ્કાર નહિ કરવા દેતા પરિવાર સભ્યો જુના સ્મશાન ચેલાવાડા ગામે અગ્નિ સંસ્કાર માટે જઈ રહ્યા હતા. ત્યારે ચંદ્રનગર અને મુવાડી ગામના લોકોએ સ્મશાનમાં અગ્નિ સંસ્કાર કરવાની પરવાનગી નહિ મૃતકને અગ્નિ સંસ્કાર કરવા માટે જગ્યા શોધવા પરિવાર ભટકવું પડ્યું હતું. આખરે જ્ઞાતિવાદનો ભોગ બનેલ પરિવારજનો દ્વારા મૃતદેહને ઘરની સામે આવેલ ખેતરના ખુણામાં અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. જ્ઞાતિવાદના કારણે મોતનો મલાજો જળવાયો નથી.

# ગોધરા ચંચેલાવ-સંતરોડ વચ્ચે રેલ્વે ટ્રેક ઉપર માલગાડીની અડફેટમાં અજાણી મહિલાનું મોત

ગોધરા,

ગોધરા તાલુકાના ચંચેલાવ અને સંતરોડ રેલ્વે સ્ટેશન વચ્ચે તા.૧૯ ડીસેમ્બરના રોજ અજાણી મહિલા માલગાડીની અડફેટમાં આવી જતાં મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા રેલ્વે પોલીસ દ્વારા ગોધરા તાલુકા પોલીસ ફરિયાદ નોંધાવી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ચંચેલાવ અને સંતરોડ રેલ્વે સ્ટેશન વચ્ચે ૧૯ ડીસેમ્બરના રોજ અજાણી મહિલા રેલ્વે પાઈપ લાઈન ઉપર માલવાડી નં. ટીએસડબલ્યુએસ ની અડફેટમાં આવી જતાં મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે ગોધરા રેલ્વે પોલીસ દ્વારા ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી.

# રતલામમાં બ્લોકની કામગીરીને લઈ અજમેર-બાંદ્રા ટ્રેન ૩ દિવસ ગોધરા જંકશન નહિ આવે

ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન પર દિલ્હી તથા મુંબઈ તરફની મહત્વની ટ્રેનોનુ સ્ટોપેજ આપેલુ છે. લોકો પોતાની મુસાફરીનો પ્રારંભ કરતા હોય છે ત્યારે હાલમાં રતલામ રેલ્વે ડીવીઝન ખાતે ૩ દિવસ બ્લોકની કામગીરીને લઈને ટ્રેન નં.-૧૨૯૯૫ અને ૧૨૯૯૬ અજમેર-બાંદ્રા એક્સપ્રેસનો રૂટ બદલવામાં આવતા અનેક મુસાફરોને ટિકીટ કેન્સલ કરાવવાની ફરજ પડેલ છે. જો કોઈ ટ્રેનનો રૂટ બદલવામાં આવે કે ટ્રેન કેન્સલ કરવામાં આવે તો રેલ્વે તંત્ર દ્વારા અગાઉથી મુસાફરોને મોબાઈલ મેસેજ દ્વારા જાણ કરી દેવામાં આવેલ હતી. જેને લઈને ગોધરા આવતી અજમેર-બાંદ્રા ટ્રેનનો રૂટ તા.૨૦,૨૨ અને ૨૪ દરમિયાન વાયા મારવાડ જંકશન આબુરોડ પાલનપુરથી ટ્રેન જશે. જેને કારણે ત્રણ દિવસ ગોધરા ખાતે આવશે નહિ.

# શહેરા-ગોધરા હાઈવે નિયમો નેવે મૂકી ઓવરલોડ ખનિજ વાહનો પસાર થતા અન્ય વાહન ચાલકો પરેશાન

શહેરા,

શહેરા-ગોધરા હાઈવે ઉપર ખાણ ખનીજ વિભાગની મીઠી નજર હેઠળ ઓવરલોડ ખનીજ ભરેલ વાહનો પસાર થતા નજરે પડી રહ્યા હતા. પસાર થતા હાઈવે ઉપર થી પસાર થતી ગાડીમાં છલોછલ ખનીજ ભરેલ અને નિયમોનું પાલન નહી થવા સાથે વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા હતા.

શહેરા-ગોધરા હાઈવે ઉપર સતત વાહનોની અવરજવર રહેતી હોય છે. ખાણ ખનીજ વિભાગના નિયમોનું પાલન નહી કરીને હાઈવે ઉપર ઓવરલોડ ખનીજ ભરેલ વાહનો જોવા મળી રહ્યા હતા. જોકે, વાહનમાં ઓવરલોડ ખનીજ ભરેલ હોવાથી પાછળ આવતા વાહન ચાલકો હેરાન પરેશાન થવા સાથે અકસ્માતનો ભય પણ જોવા મળતો હોય તેમ છતાં ખાણ ખનીજ વિભાગ સહિતના અન્ય તંત્ર દ્વારા આ બાબતે કોઈ જ ગંભીરતા લેવામાં નહી આવતા સંબંધિત તંત્રનો કોઈ ડર વિના ઓવરલોડ ખનીજ ભરેલ વાહનો હાઈવે ઉપરથી બિન્દાસત નીકળતા નજરે પડી રહ્યા હતા. રેતી, સફેદ પથ્થર ભરેલ તેમજ માટી ભરેલ ગાડીમાં તાડપત્રી નહી બાંધવાના કારણે કોઈ ઘટના આના કારણે બને એ પહેલા સંબંધિત તંત્ર પોતાની નૈતિક ફરજ સમજીને આ સામે અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવે એવી આશા અહીંથી પસાર થતાં જાગૃત વાહન ચાલકો રાખી રહ્યા હતા.

# ગોધરા-વડોદરા હાઈવે પોપટપુરા પાસે ઈન્ડીયન પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ભરાવી આવતી બાઈકને ટ્રકે અડફેટમાં લેતાં ચાલકને ગંભીર ઈજાઓ

ગોધરા,

ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ ઈન્ડીયન પેટ્રોલ પંપ ઉપર બાઈક ચાલક પુરાવી ગોધરા તરફ આવતા હતા. દરમિયાન ટ્રક ચાલકે પોતાનું વાહન રોંગ સાઈડમાં હંકારી લાવી બાઈકને ટકકર મારી બાઈક સવાર બન્ને ઈસમોને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ નોધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ ઈન્ડીયન પેટ્રોલ પંપ ઉપર બાઈક નં.જીજે.૩૫.કે.૩૬૭૧ના ચાલક ઈમરાન મુનાવર પઠાણ અને મોસીન રસીદ શેખ પંપ ઉપર પેટ્રોલ ભરાવીને ગોધરા આવી રહ્યા હતા. ત્યારે ટ્રક નં.જીજે.૦૯.ઝેડ.૧૩૭૮ના ચાલકે પોતાનું વાહન રોંગ સાઈડ હંકારી લાવી બાઈકને અડફેટમાં લેતા ઈમરાન પઠાણને માથાના ભાગે છાતીમાં તેમજ પગમાં ગંભીર ઈજાઓ પહોંચાડી તેમજ મોસીન શેખને નાની મોટી ઈજાઓ પહોંચાડી ટ્રક ચાલક વાહન સ્થળ ઉપર મુકી નાશી જઈ ગુનો કરતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.